MNE/413/2019-21

શ્રી રામનવમીની હાર્દિક શુભકામના

9022279684

વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 14 ● અંક : 13 ● સળંગ અંક : 552 ● મુંબઈ ● શુક્રવાર ● તા.16 એપ્રિલ – 22 એપ્રિલ 2021 ● પાના : 12 ● કિંમત રૂા.4

WE BUY Used Watches

Rolex, Omega, Cartier, Tudor, AP, Patek Philippe, Hublot etc.

Call: Atul : 9820147144

મુંબઈ ગર્વમેન્ટ રેલ્વે પોલિસ અને ભારત પેટ્રોલિયમના સંયુક્ત પ્રયાસોથી

ઘાટકોપર પૂર્વમાં શરૂ થશે પેટ્રોલપંપ

જી.આર.પી. કમિશ્નર કૈસર ખાલીદ અને બીપીસીએલનાં ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં

ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સાયન-મુલુંડ વચ્ચે પેટ્રોલપંપ માટે થયું ભૂમિપૂજન

વોઈસ ઓફ ઘાટકોપર

મુંબઈનાં ઈતિહાસમાં સૌ પ્રથમવાર થઈ રહેલા એક અનોખા પ્રયાસમાં મુંબઈ ગર્વમેન્ટ રેલ્વે પોલીસ (જીઆરપી) અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના સંયુક્ત વિદ્યમાને ઘાટકોપર ઈસ્ટમાં પ્રથમ પેટ્રોલપંપ શરૂ થવા જઈ રહ્યો છે. મુલુંડથી સાયન પર્યતનાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરનું પણ આ પ્રથમ પેટ્રોલપંપ હશે.

શનિવાર તા. ૨૭ માર્ચ ૨૦૨૧નાં રેલ્વે પોલીસ મુખ્યાલય પંતનગર ઘાટકોપર પૂર્વમાં મુંબઈ લોહમાર્ગ પોલીસ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનાં સંયુક્ત પ્રયાસોથી શરૂ કરવામાં આવતાં પેટ્રોલપંપના ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમ દરમ્યાન મુંબઈ રેલ્વે પોલીસ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમીટેડનાં કોર્પોરેટ સોશ્યલ રિસ્પેન્સીબીલીટી (સીએસઆર) ફંડમાંથી રેલ્વે પોલીસ મુખ્યાલય ઘાટકોપર પરિસરમાં આવેલ મેદાનની વિકાસ કરવા માટે એમઓયુ કરાર કરવામાં આવ્યો હતો. આ માટે જીઆરપી પોલીસ કમિશ્નર કૈસર ખાલિદ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમીટેડ કંપનીનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર રિટેલ પીએસ રવિ, હેડ ઓફ રિટેલ વેસ્ટ રિજન કે.રવિ, સ્ટેટ હેડ મહારાષ્ટ્ર એન્ડ ગોવા રામન મલિક ઉપસ્થિત હતાં.

પેટ્રોલપંપની વિશેષતા શું હશે?

૩૬૦૦ સ્કેવર મીટરની જગ્યામાં આ પેટ્રોલપંપનું નિર્માણ કરાશે. જેની બાજુમાં રીટેલ આઉટલેટ્સ શરૂ કરવાની પણ પ્રસ્તાવના છે. જીઆરપી કમિશ્નર કૈસર ખાલિદ પણ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું કે આ પેટ્રોલપંપ અન્ય અનેક વિભાગો, પોલીસનાં વિભાગો સાથે સાથે અન્ય સંસ્થાંઓ માટે મોડેલરૂપ હશે.

સાયનથી મુલુંડ પર્યત વચ્ચે કોઈ સ્થળે પેટ્રોલપંપ ન હોવાથી આ પંપનું ઘાટકોપર ખાતે શરૂ થવું ખૂબ ઐતિહાસિક કહી શકાય. આ પેટ્રોલપંપ શરૂ થવાથી મુંબઈ રેલ્વે પોલીસના પોલીસ કલ્યાણ નિધીમાં પણ વધારો થશે. સાથે સાથે મુંબઈ રેલ્વે પોલીસની પણ એક અલગ ઓળખ ઊભી થશે.

પેટ્રોલપંપ પર ૧૬ પેટ્રોલ ફીલીંગ સ્ટેશન ઉપરાંત એક સીએનજી સ્ટેશન પણ બનશે.

ઘાટકોપર ઈસ્ટવાસીઓને શો ફાયદો થશે?

ઘાટકોપર ઈસ્ટમાં રહેતાં લોકોને વાહનોમાં પેટ્રોલ ભરાવવા એલ.બી.એસ.રોડ માર્ગ પર અથવા ઘાટકોપર માહુલ રોડ પરનાં પેટ્રોલપંપ પર્યત જવું પડતું હતું જેને લીધે ટ્રાફિકની સમસ્યા અને સમયનો બગાડ પણ થતો હતો.

ઘાટકોપર મુલુંડ વચ્ચે પેટ્રોલપંપ માટે અનેક વર્ષોથી વિધાનસભા-લોકસભા સુધી જનપ્રતિનિધિઓએ માંગ કરી છે અને હવે તે પૂર્ણ થવા જઈ રહી છે. ઘાટકોપર ઈસ્ટનાં રહેવાસીઓ હવે આગામી સમયમાં શાંતી-સુધા પાર્કથી આગળ જઈ પોલીસ ક્વાર્ટસવાળા રસ્તેથી હાઈવે તરફ જતાં પેટ્રોલપંપથી પેટ્રોલ ડીઝલ મેળવી શકશે.

મેક ઈન ઈન્ડિયાના પ્રતિક લાયનને આખરે લાયન્સ ગાર્ડનમાં સ્થાન મળ્યું

ઘાટકોપર ઈસ્ટમાં એમ.જી.રોડ સ્મશાનભૂમિ સામેના ચોકમાં બ્રહ્માકુમારી ચોકમાં મેક ઈન ઈન્ડિયાના પ્રતિક લાયનની થોડા વર્ષો પહેલા સ્થાપના કરાઈ હતી જેને તાજેતરમાં ૯૦ ફૂટ રોડ પર આવનારા સમયમાં મેટ્રોના કામને લીધે શિફ્ટ કરી હિંગવાલા લેન ખાતેના જસવંત રાય મહેતા ઉદ્યાનમાં ઠેઠ ખૂણામાં ધકેલી દેવામાં આવ્યો હતો. જેના સમાચારો સોશ્યલ મીડીયાના માધ્યમે વોઈસ ઓફ ઘાટકોપરે પ્રકાશિત કર્યા હતા. ત્યાર બાદ ભૂતપૂર્વ નગરસેવિકા ફાલ્ગુનીબેન દવે તુરંત એક્ટીવ થઈ આ લાયનને યોગ્ય સ્થળે શિફ્ટ કરવા કાર્યરત થઈ ગયા હતા. તાજેતરમાં આ લાયનની સ્થાપના હવે લાયન્સ ગાર્ડન ખાતે જ કરવામાં આવી છે અને આગામી સમયમાં આ જગ્યાને ડેવલપ કરી અહીં સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવશે એમ ફાલ્ગુનીબેન દવેએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું હતું. તેમણે તેમના પૌત્રો સાથે અહીં ફોટો પણ પડાવ્યો હતો.

વોઈસ ઓફ ઘાટકોપર 5
મેક ઈન્ડિયાના પ્રતીક લાયનને મૂળ સ્થાનેથી ખસેડી લવ ગાર્ડનના ખૂણામાં મૂકી દેવાતા લોકોમાં રોષ
વોઈસ ઓફ ઘાટકોપર ઈમ્પેક્ટ
Avishkar EVENTS
* All Kinds Of Entertainment Events *
* Celebrity Artists Coordinator *
Its Your One Stop Destination For All Events Under One Roof

SHRIRANG
Pant Nagar, Ghatkopar East

WE ARE NEARING POSSESSION

OC Applied Expected Soon

UPGRADE YOURSELF WITH OUR EXTRA LARGE HOMES

1BHK 2BHK 3BHK

Ready Flats Available | BOOK NOW

Special Offers on Spot Bookings

- Avail Benefits of 3% Stamp Duty
- Well Ventilated Extra Large Flats
- Excellent Connectivity
- Landscape Open View
- Vastu Compliant Homes

A project by : PARSHVANATH CONSTRUCTIONS

SITE ADDRESS : BLDG No. 155, Naidu Colony, Pant Nagar, Ghatkopar East, Mumbai - 400 075

For more detail
9892713377
9821387966

Marketed by SHREE REALTORS BUY / SALE / LEASE

હવેની લડાઈ અનુમાનથી નહીં અનુભવથી લડવાની છે

તંત્રી સ્થાનેથી
જતીન કોઠારી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનાં તાજેતરના અહેવાલો અકળાવનારા છે, કોરોનાને નાથવો મુશ્કેલ છે.વડા ટેડ્રોસ અદાનોમ ગેબ્રેયસસે કહ્યું છે કે, ભલે દુનિયામાં અત્યાર સુધી કોવિડ-19 રસીના 78 કરોડથી વધુ ડૉઝ અપાઈ ગયા હોય, પરંતુ આ મહામારીનો અંત ઘણો દૂર છે. દુનિયાભરમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સતત છ અઠવાડિયા સુધી સંક્રમણમાં ઘટાડો દેખાયો, પરંતુ હવે સાત અઠવાડિયાથી કેસ વધી રહ્યા છે. એટલું જ નહીં, ચાર અઠવાડિયાથી મૃતકાંકમાં પણ વધારો થઈ રહ્યો છે.બ્રિટન 97 દિવસ બાદ ફરી ધબકતું થવા લાગ્યું છે. વિશ્વનું સૌથી મોટું અને કડક લૉકડાઉન સોમવારથી અનલૉક થવાનું શરૂ થઇ ગયું. કોરોના બેકાબૂ થતાં અહીં 5 જાન્યુ.થી લૉકડાઉન શરૂ થયું હતું. આમ તો ડિસેમ્બરથી જ બ્રિટનમાં ઘણાં પ્રતિબંધ લાદી દેવાયાં હતાં. હવે ફરી મહિનાઓ બાદ સેંકડો જિમ, હેર સલૂન તથા રિટેલ સ્ટોર ખૂલી ગયાં છે. પૂર્વનિર્ધારિત યોજના મુજબ 21 જૂનથી લૉકડાઉન સંપૂર્ણપણે હટાવી લેવાશે. નિષ્ણાતોના કહેવા મુજબ 4 જાન્યુ.એ જોનસને નવા પ્રતિબંધો જાહેર કર્યા ત્યારે કયું સેક્ટર ક્યાં સુધી બંધ રહેશે તેની દરેક બાબત સ્પષ્ટ હતી. તેથી લોકોમાં અફડા- તફડી ન મચી. બ્રિટને એક તરફ લૉકડાઉન અને બીજી તરફ ઝડપી વેક્સિનેશન ચલાવી કોરોના પર કાબૂ મેળવી લીધો જ્યારે યુરોપ ધીમા રસીકરણ અને લૉકડાઉનમાં વિલંબના કારણે કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરી રહ્યું છે. જાન્યુ.ની શરૂઆતમાં બ્રિટનમાં દૈનિક 55 હજાર નવા કેસ મળતા હતા, જે આંકડો હવે 4 હજારથી નીચે આવી ગયો છે. બ્રિટન 48%થી વધુ વસતીને કોવિશીલ્ડ વેક્સિન આપી ચૂક્યું છે. ભારત અનલૉક તરફ આગળ વધી રહ્યું હતું પણ વેક્સિન આવતાંની સાથે જ જાણે દેશનાં ટોચનાં નેતાઓ હોય કે આમ જનતા દરેક બેદરકારી દાખવી જેના પરિણામે કેસો વધ્યા. વિશ્વનાં અનેક દેશોએ કબૂલ્યું છે કે કોરોના ને લીધે ઘણાં ફેરફારો કરવામાં આવ્યા હતાં તે દરેક ફેરફાર ફક્ત તે સમય પૂરતા નહીં પણ ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે લેવાયા હતાં. ભારતમાં ગયા વર્ષે ૨૦૨૦ માં કોરોના એ એક નવી વસ્તુ હતી દરેક ફેરફાર / કામ અને મહત્વનાં નિર્ણયો ફક્ત અનુમાન આધારિત હતાં. અનુમાન પ્રમાણે લેવાયેલ નિર્ણયો અને તેને માની જીત મેળવી શકાય તેમ હતી પણ તે શક્ય ન બન્યું. અમેરિકા જેવું રાષ્ટ્ર પણ અનુમાનો અને વિચિત્ર એવા નિર્ણયોનો ભોગ બન્યું દુનિયા મક્કમ પગલાં ભરી રહી હતી ત્યારે ઢીલાશ મૂકી અને ઘણું બધું જતું રહ્યાં બાદ કહીએ તો ઘોડા નાસી ગયા બાદ તબેલાને તાળા મારવા જેવો તાલ સાબિત થયો. કોરોના સામે લડવા હવે આત્મનિર્ભર ભારતમાં વિદેશી રસી આવી રહી છે. હાલની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે મહારાષ્ટ્ર અને ગુજરાત સરકારો લોકડાઉન શબ્દ વાપર્યા વિના જનતા માટે નવી નવી ગાઇડલાઈન જાહેર કરી રહી છે. પણ બધી વાતમાં ગત ૧ વર્ષનાં અનુભવ પરથી સરકારો કઈ શીખી હોય અથવા બોધ લીધો હોય તેવું લાગતું નથી. મહારાષ્ટ્રની આઘાડી સરકારનાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૧૪ એપ્રિલથી ૧૫ દિવસ માટે કડક લોકડાઉનની જાહેરાત કરી પણ જનતાને પડતી તકલીફો જે ગયા વર્ષે પણ હતી તે માટેનો ઉકેલ આણ્યો હોય તેવું લાગી રહ્યું નથી. વેક્સિન માટેનું રાજકારણ હોય કે તે માટેની વ્યવસ્થા હોય શરૂઆત સારી થઈ પણ પછી પરિસ્થિતિ અત્યંત ખરાબ થઈ, કોરોનાનાં દર્દી માટે ઓકસીજન, આઇસીયુ બેડની વ્યવસ્થા, વેન્ટિલેટર ની કમી હોસ્પિટલમાં એડમિશન ની મથામણ, વેપારીઓની વેપારને ચાલતો રાખવા છૂટછાટ ની માંગ દરેક મુદ્દે અનુભવને સ્થાને અનુમાન વધારે હાવી થતું જણાયું. રેમડીસિવર ઇન્જેક્શાન અને તેને લગતી દવાઓ માટે લોકો આજે પણ ફાફા મારતાં દેખાય છે જો એક વર્ષમાં કોરોના સંબંધી જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે દવાની પણ વ્યવસ્થા ન ઊભી કરી શકીએ તો શું કામનું? વિશ્વનાં અનેક દેશોમાં રસી મોકલાવી ભારતનું નામ રોશન કરવું સારી વાત છે , ભારતમાં વિદેશી રસી આપવામાં આવે તે કેટલું યોગ્ય? દેશની દશા ન બેસી જાય તે માટે ચૂંટણીને પ્રાથમિકતા આપવાને બદલે શું નેતાઓ જ્યાં જ્યાં વધું કોરોના એ ભરડો લીધો છે તે સ્થળની મુલાકાત ન લઈ શકે?

કોરોના સામેની લડાઇ જીતવા દરેક સ્તરે જો પ્રભાવી ફેરફાર દેખાય તો જ આ જંગ જીતી શકાય તેમ છે. પેકેજ જાહેર કરી દેવામાં આવ્યું પણ વતને પાછાં જઈ રહેલ શ્રમિકો અહીં જ રોકાઈ રોજગાર ચાલુ રાખી શકે તે માટે કંઈ જ જાહેર ન થયું. સરકારો કોરોનાથી છૂટવા માંગે છે, જનતા કોરોના સામે જજુમી જીવવા માંગે છે પણ તેની વચ્ચે ૧ વર્ષમાં કોરોના નાં અનુભવો ને ઓળખવા જરૂરી છે. નામ તેનો નાશ નિશ્ચિત છે પણ નાશ વહેલો થાય તે માટે આકરા અને અનુભવથી કામ લેવાયેલ નિર્ણયો લેવા જોઈએ. કોરોના થી લોકો સાજા થઈ રહ્યા છે મૃત્યું દર ઘટ્યો છે તે સચ્ચાઈ છે પણ સુરત જેવા શહેરમાં સ્મશાનની ભટ્ટી ગળી ગઈ તે દર્શાવે છે જે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મામલે આપણે દરેક સ્થરે નબળાં પડી રહ્યાં છીએ. લોકોનું જીવન હવે આડે પાટે છે, રોજગાર અને વિકાસ માટે ની તકો ધૂંધળી થાય તો જીવવા માટેની ધીરજ પણ ખૂટવા લાગે, અને તે પહેલાં આપણે જાગવાની જરૂર છે. અનુભવથી લડાઈને જીતવાની છે.

પાલિકાની આરોગ્ય સમિતિના અધ્યક્ષ પદની ચૂંટણી રહી વિવાદાસ્પદ

મહાનગર પાલિકાની આરોગ્ય સમિતિના અધ્યક્ષપદની વર્ષ ૨૦૨૧-૨૨ માટે શુક્રવારે ૯ એપ્રિલના ચૂંટણી યોજાઈ હતી, જેમાં શિવસેનાના ઉમેદવાર રાજુલ પટેલને ૧૬ મત સાથે વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. તો તેમના પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર બદુ ત્રિવેદીને ૧૧ મત મળ્યા હતા. કુલ ૩૬ સભ્યોમાંથી ૨૮ સભ્યોએ મતદાનની પ્રક્રિયામાં ભાગ લીધો હતો, તેમાંથી એક મત બાદ થયો હતો. ચૂંટણીમાં ત્રણ સભ્યો તટસ્થ રહ્યા હતા. તો પાંચ સભ્યો ગેરહાજર રહ્યા હતા. આ ચૂંટણી મેયર કિશોરી પેડણેકર પીઠાસન અધિકારી રહ્યા હતા. પીઠાસન અધિકારી તરીકે મેયરે રાજુલ પટેલના નામની જાહેરાત કરતા ભાજપના ઉમેદવાર બિંદુ ત્રિવેદીએ મતપત્રિકા જોવાની વિનંતી કરી હતી અને શિવસેનાના પાંચ મતો ગેરલાયક ઠર્યા હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો પણ મેયરે ભાજપને મતપત્રિકા જોવા દીધી નહોતી. નિયમ મુજબ કોઈ પણ ઉમેદવારને પોતાની મતપત્રિકા જોવાનો અધિકાર હોય છે પણ મેયરે તે નકાર્યો હતો અને શિવસેનાના ઉમેદવાર રાજુલ પટેલને વધુ મત મળ્યા હોવાનું કહીને તેમને વિજેતા જાહેર કર્યા હોવાના આક્ષેપ સાથે બિંદુ ત્રિવેદીએ કહ્યું હતું કે સેનાના ઉમેદવારને વધારે મત મળ્યા હતા તો તેમણે મતપત્રિકા બતાવવી જોઈતી હતી પણ તેમણે પક્ષપાતી નિર્ણય લીધો હતો અને તેના વિરોધમાં ભાજપના સભ્યોએ સભાત્યાગ કર્યો હતો. ત્યારબાદ આરોગ્ય સમિતિના ઉપાધ્યક્ષની ચૂંટણી બિનવિરોધ થઈ હતી. ભાજપે જોકે મેયરે પક્ષપાતભર્યો નિર્ણય લીધો હોવાના દાવા સાથે આ પૂરા બનાવની ફરિયાદ ચૂંટણી કમિશનમાં કરવાની જાહેરાત કરી હતી.

મરણનોંધ

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન ગોંડલ, કાળા ગોળાવાળા. ગોંડલ નિવાસી હાલ મુંબઈ સ્વ. કેશવલાલ જટાશંકર કોઠારી તથા સ્વ. દમયંતીબેનના નાના સુપુત્ર તથા વિનોદરાય પ્રતાપરાય સંઘવીના જમાઈ. હર્ષદ (ઉં.વ. ૫૮) રીટા હર્ષદ કોઠારીના પતિ તથા જીતેન્દ્રના નાના ભાઈ. પન્નાબેન દીપકભાઈ, લતાબેન જ્યોતિભાઈના નાનાભાઈ. ઈશા અભિનવ, મિહીર કોઠારીના પિતાશ્રી તા. ૬-૪-૨૧, મંગળવાર મુંબઈ મુકામે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

પોતાના મનના માલિક બનો

– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

મન ની પાછળ ચાલવા વાળા,મન ની સાથે ભટકવું પડશે.

મન ગભરાશે, ગુસ્સો આવશે, ઈજા થશે, આંસુ આવશે એ બધું સહન કરવું પડશે.

મન ની પાછળ ચાલવા વાળા,મન ની સાથે ભટકવું પડશે.

આપણે સૌ એક એવી દુનિયામાં જીવી રહ્યા છીએ, જ્યાં ઘટનાઓનો ક્રમ મોટે ભાગે આપણી ઇચ્છાની વિરુદ્ધ જ ચાલતો હોય છે. આપણે સૌ આ વાતના અનુભવી છીએ કે ઘણી વખત સાવ જ સામાન્ય લાગવાવાળી પરિસ્થિતિ અચાનક જ ઘાતક અથવા વિનાશક બની જતી હોય છે. આનો રોજનો અનુભવ લશ્કરી સરહદી વિસ્તારોમાં રહેનારા લોકોને તો દરરોજ થતો જ રહે છે . આવા અણધાર્યા વાતાવરણને પરિણામે આપણે આ વિચારવા માટે લાચાર થઇ જઈએ છીએ કે હવે આગળ બીજું શું થશે ?' પોતાના ભવિષ્યની ચિંતાનો આ પ્રશ્ન આજે સમગ્ર માનવ જાતિની સમક્ષ ઉભો થયો છે, પછી તે ભારતીય હોય, અમેરિકી હોય કે પછી રશિયન, બધાની સમક્ષ આ એક બહુ મોટો પડકાર છે. આજે આપણી સમક્ષ કંઈ અણધાર્યું ન થવાનો પ્રશ્ન નથી, અપીતું મૂળ પ્રશ્ન તો એ છે કે તે અણધાર્યું થશે ક્યારે અને એ અણધારી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે આપણે એવો કયો માર્ગ અપનાવીએ જેનાથી આપણે સ્વયં તેમજ અન્યોને સલામત રાખી શકીએ?

એમ કેવાય છે કે આપણું મન અનંત શક્તિયોનો માલિક છે, અત જે કંઈ પણ આપણે અનુભવીએ છીએ એ બધું તો આ મનની જ રમત છે, કારણકે આખરે તો એ મન જ છે જે સુખ, દુ: ખ, ચિંતા વિગેરે જેવી લાગણીઓ ને પોતાની અંદર અનુભવે છે. માટે જ તો જ્ઞાની અને વિદ્વાન આત્માઓ એ મનુષ્યને મનનો ગુલામ કહ્યો છે, કારણકે આપણા મનની અંદર જે પણ ઉથલ-પાથલ થતી હોય છે, એની સીધી અસર આપણી બાહ્ય અવસ્થા ઉપર પડતી હોય છે. માટે જો આપણે અણધારી પરિસ્થિતિ દ્વારા ઉદ્દભવેલી અસુરક્ષિતતાની લાગણીમાંથી બહાર આવવું હોય, તો આપણે પોતાના ‘મન ના માલિક' બનવું પડશે, ન કે એના ગુલામ. પોતાના મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યા બાદ, આપણે કોઈ પણ પરિસ્થિતિમાં સ્થિર અને નિશ્ચીંત રહી શકીશું અને સાથે સાથે અન્યોને પણ સ્થિર રહેવામાં સહયોગાત્મક ભૂમિકા ભજવી શકશું. પરંતુ !! આના માટે આપણે પહેલા એ સમજવું પડશે કે મન એટલે શું ? અને મન નો માલિક એટલે કોણ? સામાન્યત જયારે આપણે મન ના વિષય માં કંઈ વાત કરતા હોઈએ છીએ, ત્યારે આપણે એમ કહેતા હોઈએ છીએ કે મારું મન', બરાબર ને ? હવે આ વળી કોણ છે જે હું' અને મારું' એમ કહી રહ્યું છે ? જો હું એમ કેહતો હોઉં કે મારું મન' તો ચોક્કસપણે પછી તો હું જ પોતાના મન નો માલિક ઠર્યો, બરાબર કે નહીં ?

જયારે આપણે પોતાની જાતને આવા ગૂઢ પ્રશ્નનો પૂછીશું કે હું કોણ અને મારું શું ?' ત્યારે આપણે પોતાની અંદરના હું ' ની સભાનતામાં આવીશું, જેને જ્ઞાનીઓએ ‘આત્મ જાગૃતિ' તરીકે વર્ણવી છે. આપણે સૌ આ એક મૂળ હકીકતને ન સમજવાની ખુબજ મોટી ભૂલ કરી બેસતા હોઈએ છીએ કે આખરે પણ એ કોણ છે જે હું ' અને મારું કહી રહ્યું છે ? માટે, જયારે આપણે આ હુંની ગાંઠને છોડવામાં સફળ થઈએ છીએ, ત્યારે આપણે પોતાની અંદર છુપાયેલી આત્મ-શક્તિ' ને પુનપ્રાપ્ત કરી પોતાના મનના માલિક બની જઈએ છીએ, માટે જ તો એમ કેહવાયું છે કે જેણે પોતાના મન ને જીતી લીધું એણે માનો આખા જગતને જીતી લીધું. તો આવો આપણે સૌ પોતાની અંદરના હું પ્રત્યે જાગૃત બનીએ અને સમગ્ર વિશ્વને આ જાગૃતિ પ્રકાશિત કરીએ.

ઘાટકોપરમાં કાળઝાળ ગરમીમાં રસી-રસ અને વાઈન માટે લાગી લાંબી લાઈનો

મુંબઈ-ઘાટકોપરમાં એક તરફ ગરમીનો પારો રોજ ઊંચો ચઢી રહ્યો છે. જ્યારે બીજી તરફ કોરોના કેસમાં પણ ઉછાળો આવી રહ્યો છે. તેવામાં કોરોનીન બચવા એક તરફ રસી લેવા લાંબી લાઈનો લગાડી રહ્યા છે. જ્યારે બીજી તરફ ગરમીમાં ઠંડો કેરીનો રસ ખરીદવા માટે અને વાઈનની દુકાનો બહાર પણ લાંબી લાઈન જોવા મળી રહી છે. જોકે બુધવાર તા. ૧૪ એપ્રિલથી લાગેલ સખત નિયંત્રણોને પગલે રસ અને વાઈન શોપ બહાર ગરદીમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ચોમાસું નજીક આવતાં જોખમી ઈમારતો ખાલી કરાવવાનું ભૂત ફરી ધુણ્યું

ગત વર્ષની યાદી મુજબ મુંબઈમાં સૌથી વધુ જોખમી ઈમારતો 'એન' વોર્ડમાં !

પ્રતીકાત્મક તસ્વીર

દર વર્ષે ચોમાસું નજીક હોય ત્યારે જોખમી ઈમારતોમાં રહેતાં લોકોનો જીવ તાળવે ચોંટી જતો હોય છે. મનપા દ્વારા જોખમી ઈમારતો ખાલી કરાવવા માટે મોન્સૂન પહેલાં વિવિધ પગલાં લેવાતાં હોય છે. આ વર્ષે પણ મનપા દ્વારા જોખમી ઈમારતો ખાલી કરાવવા માટે મિટીંગો શરૂ થઈ ગઈ છે. ઘાટકોપર 'એન' વોર્ડમાં ગત વર્ષની યાદી મુજબ સૌથી વધુ ૬૪ જોખમી ઈમારતો આવેલી છે.

ચોમાસું નજીક હોઈ તેના પહેલા મુંબઈ મહાનગરપાલિકાએ ચોમાસા પૂર્વની તૈયારી માટે જુદી જુદી સરકારી યંત્રણા સાથે બેઠકો યોજી હતી, જેમાં ચોમાસા પહેલા જોખમી બિલ્ડિંગો ખાલી કરાવવાનો મ્હાડાને આદેશ આપવામાં આવ્યો હતો. પાલિકાના મુખ્યાલયમાં પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં ચોમાસા પહેલાની પૂર્વ તૈયારીઓનો અહેવાલ લેવામાં આવ્યો હતો, જેમાં મધ્ય અને પશ્ચિમ રેલવે, નેવી, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ભારતીય હવામાન ખાતુ, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી, મ્હાડા, મુંબઈ મેટ્રો, સાર્વજનિક બાંધકામ ખાતું, બેસ્ટ, જુદી જુદી વિદ્યુત વિતરણ કંપની અને મ્હાડા સહિત કંપનીના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા. બેઠક દરમિયાન તમામ યંત્રણાને સતર્ક રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન મુંબઈના નાળા સફાઈના કામનો અહેવાલ લેવામાં આવ્યો હતો, તેમજ જૂની બિલ્ડિંગ મ્હાડા અંતર્ગત આવતી હોવાથી જોખમી ઈમારતોને ખાલી કરાવવાનો આદશે આપવામાં આવ્યો હતો. તેમ જ ચોમાસા દરમિયાન પાણી ભરાય નહીં અને નીચાણવાળા વિસ્તારમાંથી પાણીનો તાત્કાલિક નિકાલ થાય તેના પર ધ્યાન આપવાનું કમિશનરે પાલિકાના અધિકારીઓ કહ્યું હતું.

મહાબળેશ્વર
જમવાનું, ફરવાનું, રહેવાનું, જવાનું, આવવાનું...
કાર દ્વારા
3 Days 2 Nights
4995/-
Per person
Jainam Tours
9819669108 / 9967901008

હરિદ્વારમાં
શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન 23-6-2021 થી 3-7-2021 8001/-, રીટર્ન ટીકીટ, રહેવા જમવા સાથે, ચારધામ યાત્રા 18000/-, હરિદ્વાર, પોથી સેવા 7501/-, બ્રહ્મભોજન 11001, આજે જ નામ નોંધાવો.
9870122631, 8169507910
જીજ્ઞેશ લાખાણી
જગદીશ લાખાણી 9221052740

વીક એન્ડ લોકડાઉનને ઘાટકોપરવાસીઓનું ફરજીયાત સમર્થન!

મહારાષ્ટ્ર સરકાર દ્વારા શુક્રવાર રાતથી સોમવાર સવાર સુધીની સંચારબંધી ઘાટકોપરવાસીઓએ મને કે ન મને ફરજીયાત સમર્થન આપ્યા સીવાય છુટકો ન હોવાથી ઘાટકોપરના સુમસામ વિવિધ રસ્તાઓ નજર પડે છે. ત્યાર બાદ 14 એપ્રિલથી સાંજે શરૂ થયેલ લોકડાઉનમાં પણ રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા.

ઘાટકોપર સહિત મુંબઈના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો

ઘાટકોપર સહિત મુંબઈના અનેક ભાગોમાં શનિવાર તા.3 એપ્રિલના વરસાદ પડ્યો હતો. કેટલાય દિવસથી મુંબઈમાં ઉકળાટ વધી રહ્યો છે. ત્યારે શનિવાર વરસાદ પડતા મુંબઈગરાઓને રાહત મળી હતી. જો કે બીજી તરફ આ કમોસમી વરસાકને કારણે અન્ય બીમારીઓ ફેલાવવાનો ભય પણ નિર્માણ થયો હતો. મુંબઈમાં ઘાટકોપર, માટુંગા, માહિમ, સાંતાક્રુઝ સહિત અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. દરમિયાન ગુરૂવારે સવારના પણ મુંબઈ, થાણે, પાલઘર સહિત કોકણપટ્ટીના કેટલાક ભાગોમાં ઝરમર વરસાદ પડ્યો હતો. આગામી થોડા દિવસ મુંબઈ સહિત સંપૂર્ણ કોકણમાં આકાશ વાદળિયું રહેશે. એવી આગાહી હવામાન વિભાગ તરફથી કરવામાં આવી હતી. વાયવ્યથી આવતા સૂકા પવન અને વધેલા ભેજના પ્રમાણને કારણે મુંબઈ સહિત કિરાનાપટ્ટીના ભાગોમાં વરસાદ પડ્યો હતો.

Avishkar™
EVENTS
* All Kinds Of Entertainment Events *
* Celeberity Artists Coordinator *
• Sangeet Sandhya • Lagnageet • Dandiya Raas
• Prarthana Sabha • Instrumental • Birthday Party
• Karaoke Singers (Track) • International Artists
• Playback & Celebrity Singers • Film Star Appearance
• Corporate Events • DJ / New Year Events
• All Kinds Of Entertainment Events
Its Your One Stop Destination.
"For All Events Under One Roof"
Sukesh Shah : +91-9819840737 / 8850093253
Deepa Shah : +91-9819113190 / 8850091766

રાજવિચાર
મુશ્કેલ સમયમાં સમજદાર વ્યક્તિ સમસ્યાઓનો ઉકેલ શોધે છે. અને સફળતા પ્રાપ્ત કરે છે.
નબળો વ્યક્તિ વિપરીત સમયમાં બહાનાઓ વિતરીત બહાવાઓ વિચારે છે અને અસફળ થઈ જાય છે
સમાજસેવક
રાજેશ ઠક્કર

NUT BOLT Centre

ચંદ્રેશ પારેખની કલમે....

સપનાના વાવેતર

જિંદગી આંખોમાં સપનાં આંજીને આવે છે. સુખનું સપનું. સ્નેહનું સપનું. સફળતાનું સપનું. સાધનોનું સપનું અને સપનાને સાર્થક કરવાનું સપનું. સપનાં વગરનો માણસ હોઈ ન શકે. જે સપનાં નથી જોતો એ જાગતો હોય તો પણ સુષુપ્ત હોય છે. માણસ પથ્થર નથી. માણસ પર્વત નથી. માણસ જંગલ છે. આ જંગલ ખીલતું, ઊગતું,ઊઘડતું અને ઝઝૂમતું રહે છે. જ્વાળામુખી પણ એક સપનું છે જે પર્વતને ફાડીને બહાર આવે છે. આપણી અંદર પણ એક જ્વાળામુખી હોય છે. સતત ભભૂકતો જ્વાળામુખી. જ્વાળામુખીનું સત્ય વિસ્ફોટ છે. સપનાનું સત્ય વિસ્મય છે.

તમારાં સપનાં શું છે? આ સવાલ જો કોઈ તમને કરે તો તમે શું જવાબ આપો? ઘણા પાસે તો લાંબું લિસ્ટ હોય છે. હોવું જ જોઈએ. સપનાં તો જિંદગીનું સત્ય છે. સપનાં તો જિજીવિષા છે. સપનાં ન હોય તો માત્ર શ્વાસ રહે છે, જિંદગી નહીં. સપનાનો પનો લાંબો હોવો જોઈએ. ઘણા લોકો મોત આવે એ પહેલાં મરી જતા હોય છે, કારણ કે એનાં સપનાં મરી ગયાં હોય છે. હાલવું, ચાલવું અને જીવતાં રહેવું એક વાત છે અને થનગનતાં રહેવું એ બીજી વાત છે.

એક યુવાનની વાત છે. તેણે બચપણથી થોડાંક સપનાં જોયાં હતાં. એક સરસ મજાનું ઘર હોય, ઘરમાં બધી સગવડ હોય, સારી કાર હોય,પ્રેમાળ પત્ની હોય, સમજું સંતાનો હોય અને એક સારી જોબ હોય. ઘણાં સપનાં ધાર્યાં કરતાં વહેલાં પૂરાં થઈ જતાં હોય છે. નાની ઉંમરમાં જ તેનાં આ બધાં સપનાં પૂરાં થઈ ગયાં. એ ધીમે ધીમે હતાશ થવા લાગ્યો. મારાં સપનાં તો પૂરાં થઈ ગયાં. હવે શું? કોઈ ઉકેલ મળતો ન હતો. એ યુવાન એક સંત પાસે ગયો. સંતને કહ્યું, મારાં સપનાં તો પૂરાં થઈ ગયાં. હવે મારે શું કરવું? મને જીવવાનું કોઈ કારણ આપો. સંતે હસીને કહ્યું, જરાયે મુશ્કેલ નથી. તું બસ, તારાં સપનાં વધારી દે. સપનાંને થોડાંક મોટાં કરી દે. આપણે ઘણી વખત જેને મંજિલ સમજી લેતા હોઈએ છીએ એ માત્ર એક મુકામ હોય છે. દરેક માણસ પોતાની ક્ષમતા મુજબ સપનાં જોતો હોય છે. આપણે ઘણી વખત આપણી ક્ષમતાને આંકવામાં જ ભૂલ કરી લેતાં હોઈએ છીએ. પોતાની જાતને અંડરએસ્ટીમેટ કરવા જેવી ભૂલ બીજી કોઈ નથી.

ઘણા લોકોના મોઢે આપણે એવું સાંભળીએ છીએ કે, મેં તો સપનામાં પણ ક્યારેય એવું નહોતું વિચાર્યું કે હું અહીં સુધી પહોંચી શકીશ! આપણે ક્યારેય તેને એવું નથી કહેતા કે, તેં સપનાં જોવામાં ભૂલ કરી હતી. તેં કેમ અત્યારે છો એ સપનું નહોતું જોયું? ચલો, કંઈ વાંધો નહીં, હજુ નવું સપનું જો કે તું ક્યાં સુધી પહોંચી શકે તેમ છે! અમુક લોકો એંસી-નેવું વર્ષે પણ એક્ટિવ હોય છે. એને કામ કરતાં જોઈને આપણને આશ્ચર્ય થાય છે. એ લોકો કેમ આટલી મોટી ઉંમરે પણ આટલું બધું કામ કરી શકે છે? કારણ કે એણે એનાં સપનાંને મરવા નથી દીધાં. ઘણા વૃદ્ધો કહે છે કે, આપણે તો પરવારી ગયા! પરિવારનાં કામો પતે એટલે પરવારી જવાનું? એક વૃદ્ધે સરસ વાત કરી હતી કે, મેં પરિવારની જવાબદારીઓ પૂરી કરી લીધી, હવે હું મારી જવાબદારી પૂરી કરીશ. મારી જાત સાથે પણ મારી કોઈ જવાબદારી છે. થોડાંક સપનાં બાકી છે, થોડીક ઇચ્છાઓ અધૂરી છે, થોડુંક જીવવાનું બાકી છે, એ હવે પૂરું કરીશ.

યંગસ્ટર્સ તો સપનાનો જીવતો-જાગતો જથ્થો હોવો જોઈએ. એક બાળક માટીમાં રમતો હતો. એક વડીલે તેને પૂછ્યું કે, તું શું કરે છે?બાળકે કહ્યું કે, હું સપનાં વાવું છું. મારા ટીચર કહેતા હતા કે વાવીએ એ ઊગે. વડીલે પૂછ્યું, તેં કેવાં સપનાં વાવ્યાં છે? નિર્દોષ બાળકે કહ્યું કે,ઊગે ત્યારે જોજો. તમારાં બાળકોને તમારે સંસ્કારો આપવા છે? તો એને સપનાં જોતાં શીખવાડો. ઉઘાડી આંખનાં સપનાં એની આંખમાં રોપો અને તેને એવો વિશ્વાસ આપો કે દરેક સપનામાં ઊગવાની તાકાત હોય છે, તારે બસ એ સપનાંને સીંચતા જવાનાં છે.

સફળ થવા માટે સપનાંને સ્વભાવ બનાવો. સપનાંને સાકાર કરવા સાધના કરો. માત્ર સપનાં જોવાં એ શેખચલ્લીવૃત્તિ છે. સપનાંને પકાવવાં પડે છે. પરસેવો સપનાંને સિંચે છે. મહેનત સપનાંને મહેકાવે છે. ધગશ સપનાંને ધાર્યા મુકામ પર પહોંચાડે છે. આળસુ લોકો દરરોજ સપનાની હત્યા કરે છે. એક યુવાન અને તેની પ્રેમિકા વાતો કરતાં હતાં. પ્રેમિકાએ પૂછ્યું, તારાં સપનાં શું છે? પ્રેમીએ એક પછી એક સપના ગણાવવા માંડ્યા. પ્રેમિકાએ કહ્યું, સારી વાત છે. હવે તું મને એ કહે કે આ સપનાં પૂરાં કરવા માટે તું શું કરે છે? આટલાં બધાં સપનાં એમ ને એમ તો પૂરાં નહીં થવાનાં. પહેલા તું એક સપનાને તો પૂરું કર, પછી બીજા સપનાની વાત કરજે. તું નક્કી કરી લે કે તારે કરવું છે શું? એના પછી નક્કી કર કે કરવું છે કેવી રીતે? સપનાને શાર્પનેસ હોવી જોઈએ. આપણે ભૂલ એ કરીએ છીએ કે આપણે માત્ર સપનાં જોઈએ છીએ. સપનાં જોવાની સાથે સપનાને સાર્થક કરવાની સતર્કતા જોઈએ.

જિંદગી વિશે કહેવાય છે કે જિંદગીને વહેવા દેવી જોઈએ. ગો વિથ ધ ફ્લો. સાચી વાત છે. જિંદગીને વહેવા દો, પણ એનું વહેણ તમે જ નક્કી કરો. ક્યાંથી ટર્ન આપવો છે, કેવી રીતે ટર્ન આપવો છે અને ફાઇનલી ક્યાં પહોંચવું છે. દરેક ઝરણા પણ નદી સુધી પહોંચતા નથી. દરેક નદીના નસીબમાં પણ સાગરમાં સમાવવાનું હોતું નથી. કેટલાંય ઝરણાં અને નદી વચ્ચે જ સુકાઈ જાય છે અથવા તો શોષાઈ જાય છે. તમે નક્કી કરો કે મારાં સપનાંને સૂકવવા નહીં દઉં, મારી જિંદગીને એળે જવા નહીં દઉં. મારી ઇચ્છાને અધૂરી રહેવા નહીં દઉં.

થાકો નહીં. હારો નહીં. કંટાળો નહીં. ઘણી વખત આપણે બેસી જતાં હોઈએ છીએ તેનાથી આપણી મંજિલ એક ફલાંગ જ દૂર હોય છે. એક તરવૈયો હતો. હંમેશાં અવ્વલ જ હોય. એક વખતે તેને પુછાયું કે તું મધદરિયે હોય ત્યારે શું વિચારે છે? તેણે કહ્યું કે, માત્ર એટલું જ કે કિનારો હવે દૂર નથી. હમણાં મારો હાથ કિનારાને આંબી જશે. હમણાં હું કિનારે પહોંચીને દરિયાને કહીશ કે તારામાં મારાં સપનાંને ડુબાડવાની તાકાત નથી. તું ભલે ગમે તેટલો ઊંડો અને અગાધ હોય, હું તારા સકંજામાં આવવાનો નથી. બાથ ભીડવાની મારામાં હામ છે. તારો પડકાર ઝીલવાની તૈયારી છે અને ઝંપલાવવાનું ઝનૂન છે.

કોઈ ઇમારત એક ઈંટની ચણાતી નથી. કોઈ સપનું એક ઝાટકે સાકાર થતું નથી. સતત અને સખત સંઘર્ષ જ સફળતા સુધી દોરી જાય છે. સપનું જેટલું મોટું, મહેનત એટલી વધુ. સપનાને નજર સમક્ષ રાખવું પડે છે. સાથોસાથ એ તકેદારી રાખવી પડે છે કે ડાયવર્ટ ન થઈ જવાય. રસ્તો ભૂલી ન જવાય કે રસ્તો ચૂકી ન જવાય. તમારાં સપનાં ઉપર તમારો અધિકાર છે અને કોઈ અધિકાર એમ ને એમ મળતો નથી. અધિકાર માટે અધિકૃત થવું પડે.

કોરોનાનો રિપોર્ટ આપવામાં વિલંબ કરનાર લેબ પર કડક કાર્યવાહી થશે : મ્યુનિસીપલ કમિશ્નર

કોવિડ તપાસણીના રિપોર્ટ દર્દી અથવા તો તેના રિલેટીવ પાસે શેર કરવામાં થતા વિલંબની ફરિયાદ મળતા મનપા ચીફ ઈકબાલસિંહ ચહલે કહ્યું હતું કે લેબોરેટરી જેઓ માર્ગદર્શિકાનું પાલન નથી કરતા તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે જેઓ તેમની પેથોલોજી લેબોરેટરીનું લાયસન્સ પણ રદ્દ કરી શકવામાં આવશે એવી ચિમકી ઉચ્ચારી હતી.

આ ઉપરાંત તેમણે લેબોરેટરીને એસિમ્પટોમેટીક દર્દીઓને પ્રાથમિકતા આપવાનું સૂચન કર્યું હતું. દર્દીઓના રિપોર્ટ ૨૪ કલાકમાં નહીં આપવામાં આવે તો લેબ સાથે કાર્યવાહી કરવામાં આવશે.

છેલ્લા પંદર દિવસથી કોરોનાના કેસની સંખ્યામાં વિસ્ફોટ થતા તપાસણી કરનારા શંકાસ્પદ દર્દીઓની સંખ્યા વધી જતા પ્રાઈવેટ લેબ દ્વારા પ્રથમ રિપોર્ટ મનપા સાથે શેર ન કરતા સીધા દર્દીઓને આપી દેવામાં આવતો હોવાનું જાણવા મળતા મનપા ચીફે નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી.

દર્દીને રિપોર્ટ ડાયરેક્ટ આપી દેવામાં આવતા મનપા માટે હોસ્પિટલ અથવા તો કોવિડ સેન્ટરમાં બેડ્સની ફાળવણી કરવામાં અનેક ગણી મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળ્યું છે.

મહારાષ્ટ્રમાં દસમા-બારમાની પરીક્ષા મુલત્વીઃ

સીબીએસઈની દસમા ધોરણની પરીક્ષા રદ, બારમાની પરીક્ષા લંબાવવામાં આવી

દેશભરમાં કોરોનાના મામલે મહારાષ્ટ્ર મોખરે હોવાથી દિવસે ને દિવસે સ્થિતિ વધુ ગંભીર થઇ રહી હોવાથી મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ દ્વારા લેવામાં આવનારી દસમા-બારમાની પરીક્ષાને મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્યના શિક્ષણ પ્રધાન વર્ષા ગાયકવાડે સોમવારે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું.

સીબીએસઈની દસમા ધોરણની બૉર્ડની પરીક્ષા રદ કરવામાં આવી છે અને બારમાની પરીક્ષા લંબાવવામાં આવી છે. કોવિડ- ૧૯ના કેસ વધી રહ્યા હોવાથી સરકારે બુધવારે આ નિર્ણય જાહેર કર્યો હતો. સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા પ્રથમ વખત બૉર્ડ પરીક્ષા સંપૂર્ણપણે રદ કરવીપડી છે. ગયા વર્ષે બૉર્ડની પરીક્ષા આંશિક રીતે રદ કરવી પડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી, જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દસમા અને બારમાના બૉર્ડની પરીક્ષા માટે ૨૧.૫ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. બારમા ધોરણની પરીક્ષા ક્યારે લેવી તે અંગે નિર્ણય લેવા સીબીએસઇ પહેલી જૂને પરિસ્થિતિની સમીક્ષા કરશે. શિક્ષણ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'ચાર મેથી ૧૪ જૂન વચ્ચે બારમા ધોરણની બૉર્ડની પરીક્ષા લંબાવવામાં આવી છે. આ પરીક્ષાઓ થોડા દિવસ પછી લેવામાં આવશે.

સયાજી નગરી એક્સપ્રેસને કચ્છ જન જાગૃતિ અભિયાન અને કચ્છ પ્રવાસી સંઘ દ્વારા લીલી ઝંડી

દાદરથી ભુજ, સયાજી નગરી એક્સપ્રેસના નવા એલ.એચ.બી. રેકને શુક્રવાર, તા. ૦૯-૦૪-૨૦૨૧ બપોરના ૩:૨૦ વાગ્યે દાદરથી પ્રયાણ સમયે સ્ટેશન માસ્ટર મનોજ પરિહાર, મોટર મેન મુકેશ કુમાર અહારી અને વિરેન્દ્ર કુમારનું અભિવાદન 'કચ્છ જન જાગૃતિ અભિયાન' અને 'કચ્છ પ્રવાસી સંઘ (ઑરીજીનલ)' દ્વારાકરવામાંઆવ્યો હતો. આ પ્રસંગે 'કચ્છ જન જાગૃતિ અભિયાન'ના નેહલબેન અમર શાહ (ભાજપ, નગરસેવિકા), શાંતિલાલ ડુંગરશી મારૂ, 'કચ્છ પ્રવાસી સંઘ (ઑરીજીનલ)'ના સંસ્થાપક લાલજી લધા શાહ, કલ્યાણજી હિરજી વિસરીયા 'કચ્છ જન જાગતિ અભિયાન'નાં પ્રતિનિધિઓ ઋષિ શાંતિલાલ મારૂ, કિશોર મણીલાલ ગાલા, કુણાલ લક્ષ્મીચંદ સંગોઈ, કૌશિક જયંતિલાલ છેડા, દિપક લખમશી મારૂ, દિનેશ હેમરાજ વિસરીયા તેમજ અનેક શુભેચ્છકોની હાજરીમાં અભિવાદન થયું હતું. તેમજ સયાજી નગરી એક્સપ્રેસને દોડવા લીલી ઝંડી આપી હતી. એમ અખબારી યાદીમાં દિનેશ હેમરાજ વિસરીયા 'સ્મિત ' 9322213877 જણાવ્યું છે.

હિંગવાલા સ્થા.જૈન સંઘમાં ચૈત્ર માસ આયંબીલ ઓળીના તપસ્વીઓ માટે ટિફીન વ્યવસ્થા

આયંબીલ ઓળી અર્થે પ.પૂ. મનોહરમુની મ.સા. પધારેલ છે. પણ કોરોનાની વિષમ પરિસ્થિતીમાં સકરારી ગાઈડ લાઈન મુજબ વ્યાખ્યાન દર્શન પચ્છખાણ આદી બંધ રાખેલ છે. પણ આખી ઓળીના તપસ્વી માટે ૨૦૨૦ની આસો માસની ઓળી મુજબ ટીફીન વ્યવસ્થા રાખેલ છે. આ વર્ષ ચૈત્ર માસની આયંબિલ ઓળી તથા પારણા અને બહુમાનના મુખ્ય દાતા સ્વ. મનોરમાબેન વૃજલાલ ગાંધી અને સ્વ. સુધીરભાઈ વૃજલાલ ગાંધીના સ્મરણાર્થે હસ્તે શ્રેણિકભાઈ અને નિષધભાઈ છે. જે ઓળી કરવા માંગતા હોય તેમણે હરીશભાઈ ખીમાણી નં. 9967877843 મોબાઈલ પર પોતાનું નામ લખાવીને ટિફીન લેવા સવારના ૧૧ થી ૧૨.૩૦ સુધીમાં લઈ જવા સંઘ પ્રમુખ બિપીનભાઈ સંઘવીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

હવે સીલ કરાયેલા બિલ્ડીંગમાં પોલીસકર્મી તેનાત રહેશે, સોસાયટી નિયમના ઉલ્લંઘન માટે ૨૦ હજાર સુધીનો દંડ

મહાનગરપાલિકાએ તાજેતરમાં જાહેર કર્યું હતું કે કોઈપણ કો. ઓપ હાઉસિંગ સોસાયટી જેમાં પાંચ કે તેથી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવશે તો તે ઈમારતને સીલ કરવામાં આવશે તેમજ તેને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવશે. આવી સોસાયટીઓના ગેટમાં કન્ટેનમેન્ટ ઝોનનું બોર્ડ લગાડવું પડશે. તેમજ મુલાકાતીઓને એન્ટ્રી આપવામાં આવશે નહીં. મનપાએ માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન અંગે જાહેર કરેલા સર્ક્યુલર જેમાં ઈમારતના કોઈપણ ફ્લેટમાં એસિમ્પ્ટમીક પેશન્ટ મળી આવશે. તો તેને સીલ કરવાની જવાબદારી સોસાયટીના પદાધિકારીઓની રહેશે. આ ઉપરાંત માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન જાહેર થયેલી સોસાયટીના એન્ટ્ર અને એક્ઝિટ પોઈન્ટ પર પોલીસકર્મીની નિયુક્તિ કરવામાં આવશે. માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન અંગેના નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો સોસાયટીને અથવા બિલ્ડીંગને પ્રથમ ઉલ્લંઘન માટે ૧૦ હજાર રૂપિયા અને ત્યારબાદ ૨૦ હજાર રૂપિયાનો દંડ ભરવો પડશે. સર્ક્યુલરમાં વધુમા જણાવવામાં આવ્યું હતું કે માઈક્રોકન્ટેનમેન્ટ ઝોનમાં સોસાયટીના સેક્રેટરી, ચેરમેન અથવા પોલીસકર્મીની પરવાનગી વગર કોઈને બિલ્ડીંગમાં દાખલ થવા મળશે નહીં જોકે મેડિકલ ઈમરજન્સી તથા બોર્ડ એક્ઝામના વિદ્યાર્થીઓને બહાર જવા મળશે.

કોરોનાની બીજી લહેરમાં ૩૧થી ૪૦ વયમાં સૌથી વધુ સંક્રમણ

અનલોક પછી કામ નિમિતે બહારની નીકળતા યુવકોનું પ્રમાણ વધારે છે

કોરોનાના સંક્રમણની બીજી લહેરમાં કોરોના થવાનું પ્રમાણ ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથમાં સૌથી વધુ દેખાય છે. રાજ્ય સહિત મુંબઈમાં આ જ ચિત્ર છે. સંક્રમણનું પ્રમાણ ૨૧.૫૩ ટકા છે અને એ પછીના ક્રમે ૪૧ થી ૫૦ વર્ષના વયજૂથમાં પ્રમાણ ૧૮.૧૦ ટકા છે.

કોરોના સંક્રમણની પ્રથમ લહેરમાં ૫૦ થી ૬૦ વર્ષના વયજૂથની વ્યક્તિઓમાં સંક્રમણનું પ્રમાણ વધારે હતું. અનલોક પછી કામ નિમિત્તે, શૈક્ષણિક કારણોસર બહાર નીકળતા યુવકોનું પ્રમાણ વધારે છે. તેથી કોરોનાનું સંક્રમણ થયેલા યુવાન દર્દીની સંખ્યા વધારે છે. એમાં પણ સાથે અન્ય બીમારીવાળા યુવકોનું પ્રમાણ વધારે છે. મેડિકલ સારવાર માટે યુવકો ખૂબ મોડા જતા હોવાનું દેખાય છે.

૩૧ થી ૪૦ વર્ષના વયજૂથમાં રાજ્યમાં ૭,૧૨,૨૧૫ વ્યક્તિઓને સંક્રમણ થયું છે. ૪૧ થી ૫૦ વર્ષના વયજૂથમાં ૫,૯૭,૯૭૭ વ્યક્તિઓને સંક્રમણ થયું છે. ૨૧ થી ૩૦ વર્ષના વયજૂથમાં સંક્રમણનું પ્રમાણ વધારે છે. આ વયજૂથમાં ૫,૫૭,૯૧૪ જણને સંક્રમણ થયું છે. આ પ્રમાણ ટકાવારીમાં ૧૬.૮૫ નોંધવામાં આવ્યું છે. એ પછીના ક્રમે ૫૧ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૧૫.૮૮ ટકા એટલે ૫,૨૨,૮૮૫ વ્યક્તિઓને કોરોનાનું સંક્રમણ થયું છે. કામ નિમિત્તે બહાર નીકળતા યુવકો દ્વારા સંક્રમણ વરિષ્ઠ નાગરિકોને થતું હોવાની શક્યતા છે.

૭૧ થી ૮૦ વયજૂથમાં સૌથી ઓછું પ્રમાણ

રાજ્યમાં ૭૧ થી ૮૦ વર્ષના વયજૂથમાં કોરોનાનું સંક્રમણ થવાનું પ્રમાણ પહેલી લહેરની સરખામણીએ અત્યારે તદ્દન ઓછું એટલે કે ૫.૨૭ ટકા નોંધવામાં આવ્યું છે. વરિષ્ઠ નાગરિકોમાં કોરોનાના સંક્રમણનું પ્રમાણ ઓછું હોવાનું મુખ્ય કારણ રસીકરણ હોઈ શકે છે. રાજ્યમાં ૫૧ ટકા પુરુષો અને ૩૯ ટકા મહિલાઓને કોરોનાનું સંક્રમણ થયું છે. મહિલાઓની સરખામણીએ પુરુષોમાં સંક્રમણ વધારે છે.

જ્યોતિષ ઉપાય
૩૫ વર્ષના અનુભવી દેશ-વિદેશના વ્યક્તિઓને
જ્યોતિષ અને વાસ્તુ વિશે સલાહ દ્વારા
જીવનમાં પ્રગતિના માર્ગો પર દોરનાર અને મુંઝવણોના
ઉકેલ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ આપનાર
શ્રી પ્રકાશ જોષી
9326999609

મરણનોંધ માટે
મુંબઈના દૈનિક અખબારોમાં
મરણનોંધ પ્રકાશિત કરવા માટે
લેટરપેડ પર મરણનોંધ લખી
જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ
નંબર પર સંપર્ક કરો.
9869038095
9022279684

52 Flavours
Water, Soda & Milk
Shreeji
DRINK WELL
LIVE WELL
For Order
Whatsapp Me
93227 63631

સુવર્ણ તક સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી
કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના
રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક
ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar,
Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

ઘાટકોપરમાં જીવનાશ્યક વસ્તુઓ લેવા માટે લોકડાઉન પહેલા લોકોનો ધસારો

ઘાટકોપરમાં શુક્રવારથી શરૂ થયેલ વિકએન્ડ લોકડાઉન પહેલાથી જ ખરીદી માટે પડાપડી જોવા મળી હતી. ત્યાર બાદ સરકારે ૧૪ એપ્રિલના રાત્રે ૮ વાગ્યાથી લોકડાઉન જાહેર કરેલ છે તેવા સમાચારો વાયુવેગે ફેલાતા વિદ્યાવિહારમાં આવેલ ડીમાર્ટ, ઘાટકોપર ઈસ્ટમાં ઓડીયનમાં આવેલ શિવરાજ સુપરમાર્કેટ, એમ.જી.રોડ પર ફેરિયાવાળાઓ અને શાકભાજીવાળાઓ પાસે માર્કેટમાં ખરીદી માટે લોકોના ટોળેટોળા નીકળી પડ્યા હતા.

ફક્ત શાકભાજીવાળા પાસે જ નહીં પણ કરિયાણાની નાની-મોટી દુકાનમાં પણ અનાજ-કઠોળ ભરવા માટે લોકોની લાઈન જોવા મળી હતી. જોકે નવાઈની વાત એ છે. કે શાકભાજી, કરિયાણા સહિતની આઈટમો જીવનજરૂરિયાતની હોવાથી લોકડાઉન દરમ્યાન પણ મળે એમ હોવા છતાં લોકોએ એ લેવા માટે પડાપડી કરી હતી. માર્કેટમાં શાકભાજી એક નહી પણ અનેક થેલીઓ ભરીને લઈ જતાં દેખાયા હતા.

પરમ કેશવબાગમાં શરૂ કરાયું નવું કોવિડ સેન્ટર

શ્રી ઘાટકોપર વાગડ વિશા ઓસવાળ સમાજ અને ભાજપના વોર્ડ ક્રમાંક ૧૩૦ના નગરસેવિકા બિન્દુ ત્રિવેદીના સંયુક્ત ઉપક્રમે શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી વણિક મંડળ સંચાલીત પરમ કેશવબાગ હોલને કોવિડ કેર સેન્ટર-સીસીસી 2 માં પરિવર્તીત કરવામાં આવ્યો હતો. જેનું ઉદ્ઘાટન મહારાષ્ટ્ર વિધાનપરિષદના વિરોધ પક્ષના નેતા અને વિધાનસભ્ય પ્રવિણ દરેકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘાટકોપર ઈસ્ટના ભાજપના વિધાનસભ્ય પરાગ શાહ શ્રી ઘા.વા.વિ.ઓ. સમાજના પ્રમુખ પ્રવિણ છેડા, રવિ પૂજ, અશ્વિનભાઈ વ્યાસ શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી વણિક મંડળના પ્રમુખ કિરીટ દામાણી વગેરે અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યાં હતા.

આ સેન્ટરમાં પુરૂષો અને મહિલા દર્દીઓ માટે અલગ અલગ વોર્ડ રખાયા છે. દર્દીને બે ટંક ભોજન, બે ટંક ચા-કોફી, નાસ્તાની સગવડ મળશે. વિઝીટીંગ ડોક્ટર, નર્સીસ, દવા, ઓક્સિજનની જરૂર પડશે તો તે પણ મળશે. 100 બેડની વ્યવસ્થા કરાઈ છે. જ્યાં 10 ડોક્ટરો અને 20 નર્સ-વોર્ડબોય સેવા આપશે. તમામ સગવડ-સેવા મળીને પુરૂષદીઠ નોન એસી વોર્ડમાં દૈનિક ચાર્જ 3500 રૂા. રાખવામાં આવ્યો છે. એમાં 25000 ડિપોઝીટ આપવાના રહેશે. લેડિઝ જનરલ વોર્ડ એસી હોલમાં દવા, ચા-પાણી, નાસ્તો અને બે ટંક જમવાના ૧ દિવસના 4500 રૂા. ચાર્જ કરવામાં આવે છે. તેમાં 40000 ડિપોઝીટ આપવાની રહેશે.

કોરોના સામે લડત આપવા સાંસદ મનોજ કોટકનાં સેવાલય દ્વારા હેલ્પલાઈન નં. જાહેર કરાયા

કોરોનાનાં કેસ સમગ્ર મુંબઈમાં વધી રહ્યાં છે. એન વોર્ડ ઘાટકોપર, ટી વોર્ડ મુલુંડ ઈશાન મુંબઈમાં હોટસ્પોટ બન્યા છે. વધી રહેલ આ મહામારી સામે લડત આપી, નાગરિકોને વધુ ને વધુ સહાયરૂપ થવા સાંસદ મનોજ કોટકના કાર્યાલય સેવાલયનાં હેલ્પલાઇન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટી મુંબઈ દ્વારા વોર્ડ ક્રમાંક ૧૩૦નાં અધ્યક્ષની નિમણુંક

આમ આદમી પાર્ટી-મુંબઈમાં આગામી મહાનગરપાલિકાની ચૂંટણી માટે કમર કસી રહી છે. મુંબઈનાં વિવિધ વોર્ડમાં અધ્યક્ષોની નિમણૂંક કરી તેમનાં નામોની જાહેરાત કરવામાં આવી રહી છે. આપના નેશ્નલ એક્ઝિક્યુટીવ મેમ્બર પ્રિતી શર્મા મેનનની ઉપસ્થિતીમાં વોર્ડ ક્રમાંક ૧૩૦નાં અધ્યક્ષ પદે પંકજ ગુપ્તાની નિમણૂંક કરવામાં આવી છે.

આરંભ ફાઉન્ડેશન દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૩૬ બોટલ લોહી એકઠું કરાયું

આરંભ ફાઉન્ડેશન દ્વારા મુંબઈમાં કોવિડ-૧૯ને લીધે લોહીનો પુરવઠો ઓછો હોવાથી ઘાટકોપર પૂર્વમાં લક્ષ્મીનગર, લક્ષ્મીબાગ ખાતે રવિવાર તા.૧૧ એપ્રિલનાં રક્તદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોની ટીમ દ્વારા પ્રથમ વખત યોજાયેલ આ શિબીરમાં ૨૩૬ બોટલ લોહી એકઠું કરવામાં આવ્યું હતું.

રેમડેસિવીર અંગેની ફરિયાદ મળતાં મેયર ઘાટકોપરમાં તમામ નિયમોનું પાલન કરીને જ દવા-ઈન્જેક્શનો આપી રહ્યાં છીએ, લાગેલ આરોપો ખોટાં : દિપક છેડા



ઘાટકોપર પશ્ચિમમાં કામાલેનમાં આવેલ દર્પણ કેમિસ્ટમાં રેમડેસિવીર ઈન્જેક્શન હોવાં છતાં અમુક લોકોને જ તે આપવામાં આવી રહ્યાં છે. તેવી ફરિયાદ મુંબઈનાં મેયર કિશોરી પેડણેકરને મળતાં તેઓ રવિવાર તા. ૪ એપ્રિલનાં બપોરે ૧ કલાકે દર્પણ કેમિસ્ટ ખાતે પહોંચી ગયા હતાં.

મુંબઈમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી કોરોનાના દર્દીઓ માટે સંજીવની સાબિત થયેલ રેમડેસિવીર ઈન્જેક્શનના કાળા બજાર થતાં હોવાના સમાચારો ફરી વાયુવેગે સોશ્યલ મિડીયામાં ફરી રહ્યાં છે. અમુક લોકો પર આ અંગે કાર્યવાહી પણ કરાઈ છે. રવિવારે અમુક લોકોએ દર્પણ મેડિકલમાં રેમડેસિવીર અંગે પૂછપરછ કરતાં ઈન્જેક્શન ન મળતાં લોકોએ ડોક્ટરોનાં કહેવાથી ફક્ત અમુક-વિશેષ વર્ગનાં જ લોકોને આ ઈન્જેક્શન મેડિકલવાળા આપી રહ્યાં હોવાની ફરિયાદ મેયરને કરી હતી. જેને પગલે તે દર્પણ કેમિસ્ટમાં તેઓ દોડી ગયાં હતાં.

આ અંગે પૂછતાં દર્પણ કેમિસ્ટનાં દિપક છેડાએ જણાવ્યું કે 'સાધારણ રીતે દર રવિવારે બપોરે હું પરિવાર સાથે જમવા માટે દુકાન બંધ કરીને જાઉં છું. રહી વાત ઈન્જેક્શનની તો જે લોકો મારી પાસે આવ્યા હતા. તેમની પાસે યોગ્ય પેપર ન હોવાથી તેમને ઈન્જેક્શન આપવાની અમે 'ના' પાડી હતી. મેયરના આવ્યાં બાદ બીજા દિવસે એફડીએનાં અધિકારીઓ અમારે ત્યાં આવ્યા હતા. તેમને દરેક જરૂરી પેપર-ડોક્યુમેન્ટસ સબમિટ પણ કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે 'સોશ્યલ મિડીયામાં વાયરલ થયેલા સમાચારો તદ્દન ખોટાં છે અને સરકારી ગાઈડ લાઈન્સ મુજબ જ યોગ્ય ભાવે અમે દવાઓ અને ઈન્જેક્શન વેંચી રહ્યાં છીએ.'

કચ્છ એક્સપ્રેસના નવા રેકના પ્રારંભે અભિવાદન

એડવોકેટ શ્રી રાજેશ દાભોલકરનું અભિવાદન

બાંદ્રા ટર્મિનસ થી ભુજ , કચ્છ એક્સપ્રેસ નવા એલ. એચ. બી. રેક ને બાંદ્રા ટર્મિનસથી પ્રયાણ થતાની પહેલા સ્ટેશન માસ્ટર સાગર કુલકર્ણી, મોટર મેન મહેન્દ્ર સિંગ તેમજ આમંત્રણને માન આપી પધારેલ એડવોકેટ રાજેશ દાભોલકર (ભારત સરકાર પર્યાવરણ, વન, હવામાન પરીવર્તન વિભાગના મહારાષ્ટ્ર સંયોજક)નું અભિવાદન ' કચ્છ જન જાગૃતિ અભિયાન ' અને ' કચ્છ પ્રવાસી સંઘ' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાંતિલાલ ડુંગરશી મારૂ, રમણીક સંગોઈ, ' કચ્છ પ્રવાસી સંઘ' સંસ્થાપક લાલજી લધા શાહ, ' કચ્છ જન જાગૃતિ અભિયાન'નાં પ્રતિનિધિઓ ઋષભ શાંતિલાલ મારૂ, કિશોર મણીલાલ ગાલા, કુણાલ લક્ષ્મીચંદ સંગોઈ, કૌશિક જયંતિલાલ છેડા, પ્રકાશ શાંતિલાલ ગાલા, દિનેશ હેમરાજ વિસરીયા તેમજ અનેક શુભેચ્છકોની હાજરીમાં અભિવાદન થયું હતું. તેમજ કચ્છ એક્સપ્રેસને દોડવા લીલી ઝંડી આપી હતી. એમ અખબારી યાદીમાં દિનેશ હેમરાજ વિસરીયા ' સ્મિત ' 9322213877 જણાવ્યું છે.

રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી, સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.ની સંયમ શતાબ્દી અવસરે મૃત્યુના મુખમાં જતાં બળદોને અભયદાન

રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરણા અને અનુકંપા ભાવનાથી, સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની સંયમ શતાબ્દી અવસરે મૃત્યુના મુખમાં જતાં અબોલજીવોને અભયદાન અર્પણ કરવાનું એક અભિયાન અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યું છે.

વર્તમાન પરિસ્થિતિથી વ્યથિત સૌરાષ્ટ્રના અનેક ખેડૂતો બીન ઉપયોગી, અશકત અને બીમાર બળદોને નજીવી રકમમાં કત્લખાનામાં વેચી દે છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર રાજકોટના અર્હમ સેવા ગ્રુપના સેવકોએ આવા 109 બળદોને છોડાવી, સૌરાષ્ટ્રની અલગ-અલગ પાંજરાપોળોમાં સુરક્ષિત રાખ્યાં છે, સાથે-સાથે એમના આહાર-પાણી અને મેડીકલ ટ્રીટમેન્ટની કાયમી ધોરણે વ્યવસ્થા કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.ની સંયમ શતાબ્દી અવસરે આયોજિત સંયમ ગુણોત્સવમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે પ્રેરણા કરતાં દેશ-વિદેશના અનેક ભાવિકો મૃત્યુના મુખમાં જતાં બળદોને બચાવવા, અનુકંપા અનુદાન અર્પણ કરવા પ્રેરિત થયાં હતાં અને પરમ ગુરુદેવની વધુને વધુ બળદોને અભય દાન આપવાની પ્રેરણાને સહર્ષ ઝીલી હતી.

અત્યાર સુધી છોડાવેલાં બળદોમાં મોટા વડાલામાં 59, ધોરાજી પાંજરાપોળમાં 20, ઢસા પાંજરાપોળમાં 10, નાના ભડલા ગૌશાળામાં 10, અને પાળિયાદ પાંજરાપોળમાં 10, બળદોને સુરક્ષિત રાખવામાં આવ્યાં છે, એમની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

એક બળદને છોડાવવાના Rs.3000 રાખવામાં આવ્યાં છે. સંપર્ક સેતુરભાઈ (અર્હમ યુવા સેવા ગ્રુપ) - +91 98982 30975

GOOD NEWS!

Hema Cable & Internet

1. Anjaria Wadi, M.G. Road, Behind Kiran Doshi Nursing Home, Ghatkopar (E), Mumbai - 400 077.

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

First Time in Ghatkopar
High Internet Speed at Affordable rate
" I " Broad Band Internet
All Unlimited Plans

PLAN	MONTHLY FEES	ANNUAL FEES
25 MBPS	Rs. 300/-	Rs. 3600/-
30 MBPS	Rs. 400/-	Rs. 4800/-
50 MBPS	Rs. 500/-	Rs. 6000/-
100 MBPS	Rs. 1000/-	Rs. 10000/-

*Additional one Time Installation Charge of Rs. 500/-
No Installation Charges on Annual Subscription & Full Payment
Limited Period Offers

Contact : Mr. Hirabhai L. Haria
9870458808

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

તું જ મારી યશોદા (ભાગ : 11)

– પૂજા ટોપરાણી

માત્રે અંકલના મુખેથી પોતાના જન્મ સમયની ખરી હકીકત જાણી શ્યામને મમ્મી સાથે પોતે કરેલા વર્તાવ બદલ ખૂબ જ પસ્તાવો થયો. તેણે ઈન્સ્પેક્ટર માત્રેને મમ્મી સાથે ફોન પર વાત કરવા કહ્યું પરંતુ મમ્મીનો ક્યાંય સંપર્ક ન થતા શ્યામ અને માત્રે બાઈક પર રાજ-અંશ વીલા તરફ જવા રવાના થયા.

ઘરે આવીને શ્યામ એકી શ્વાસે હંસાબહેનને હલબલાવતા બોલ્યો : બા... મમ્મી ક્યાં છે?

ઈન્સ્પેક્ટર માત્રે એ શ્યામને કહ્યું : જસ્ટ રીલેક્સ શ્યામ તું શાંતિથી બાની પૂરી વાત સાંભળ. ત્યારબાદ માત્રેએ હંસાબહેનને પૂછ્યું : બા પૂરી વાત કહો... શ્યામ ઘરેથી પોલીસ-ચોકી જવા ભાગ્યો પછી શું થયું?

હંસાબહેન આખું દ્રશ્ય યાદ કરતા બોલ્યા : શ્યામ જેવો ઘર છોડી બહાર ભાગ્યો તેની પાછળ રાજવી શ્યામ... શ્યામ કરતી તેની પાછળ દોડી પરંતુ ગેટ પાસે પટકાઈ અને લગભગ બેભાન થઈ ગઈ. મેં રાજવીના ચહેરા પર પાણી છાંટ્યું અને હું અને કામવાળી બાઈ રાજવીને અંદર લઈ આવ્યા અને સોફા પર સુવડાવી. તે સતત બોલતી હતી... બા શ્યામ નથી તો મારી જીંદગીમાં હવે કશું જ નથી! વિજય કંઈક બોલવા ગયો પરંતુ મેં તેને ચૂપ કરી દીધો અને લાકડી ઉપાડી એક જ ધરી દીધી અને તેને ચેતવણી આપી કે ખબરદાર જો રાજવીના જીવનમાં કંઈ પણ દખલ કરી છે તો અને પછી હેમા ના બરડે લાકડી ફટકારી બન્નેને બહાર તગેડ્યા અને ચોખ્ખું કહી દીધું કે આજ પછી આ ઘરમાં પગ દીધો છે કે શ્યામને ઉલટી પટ્ટી પઢાવી છે તો મારા જેવી ભૂંડી કોઈ નહીં થાય. જે ભાગ્ય છે તે પાછળ વળીને પણ ન જોયું!

હું રાજવી માટે રસોડામાં કોફી બનાવવા ગઈ. કોફી લઈને આવું તે પહેલા તો તે દબાતે પગલે ક્યારે દરવાજો ખોલી બહારે નીકળી ગઈ તે ખબર જ ન પડી. મેં ફક્ત તેની ગાડીનો અવાજ સાંભળ્યો. હું દોડી પરંતુ તે ગાડી લઈ બહાર નીકળી ગઈ હતી.

ઈન્સ્પેક્ટર માત્રે એ હંસાબહેન અને શ્યામની સામે નજર સ્થિર કરતાં કહ્યું : હવે આ બાબતને સહજતાથી ન લેવાય. તમારા બન્નેમાંથી કોઈને ખ્યાલ છે. રાજવી મેડમના કોઈ માવતરના સગા હોય જ્યાં જઈ તે મન હળવું કરી શકે?

શ્યામ નિર્દોષતાથી બોલ્યો : મમ્મી તો મારા નાનુની ઑન્લી ચાઈલ્ડ હતી. આ વાતની તો મને ખબર છે.

હંસાબહેન થોડીવાર વિચારમાં ખોવાઈ ગયા પછી બોલ્યા : તે કદાચ લોનાવલા તરફ ગઈ હોવી જોઈએ. ત્યાં તેની દૂરની માસી કોઈ આશ્રમમાં રહે છે. હું અને રાજવી એક વખત અંશુલના મૃત્યુ પછી અંશુલના કપડા અને બીજો સરસામાન દાનમાં આપવા ગયા હતા.

શ્યામની આંખોમાં તરત ચમક આવી અને તે બોલ્યો : અરે હા અંકલ

શું આપને પણ ગમી આ વાર્તા... તો આપના પ્રતિભાવ-સૂચનો અમને લખી મોકલો

તંત્રી શ્રી,

વોઈસ ઓફ ઘાટકોપર

આપના પેપરમાં આવતી વાર્તા 'તુજ મારી યશોદા' પર આફરીન માતા અને પુત્રના સંબંધોને લેખિકાએ જે રીતે વણી લીધા છે. તે માટે લૈખિકાને ખૂબ જ ધન્યવાદ. આજકાલ ટીનએજના મનોભાવોના નામ બિભત્સ લેખો લખતા લોકો પર પૂજાબેન છવાઈ જશે.

પૂજાબેન તમે ખૂબ આગળ વધો અને સમાજ ઉપયોગી વાર્તા આપતા રહો તેવી શુભેચ્છા.

વોઈસ ઓફ ઘાટકોપરનો આભાર

એજ લી. આપની વિશ્વાસુ

બિન્દુ પારેખ

કલ્પતરૂ કો.સો. ઘાટકોપર વેસ્ટ

મને તે જગ્યા બરાબર ખબર છે. મેં જ્યારે ટ્રવેલ યર્સ કમ્પલીટ કર્યા તે વખતે અમે ત્યાં ડોનેશન આપવા ગયા હતા. હું પપ્પા અમે મમ્મી... ત્યાં ખૂબ એન્મેય કર્યું હતું.

માત્રેએ પોતાના મોબાઈલ પર તરત જ સર્ચ કરી આશ્રમનો નંબર શોધી ફોન જોડ્યો પરંતુ ત્યાં રેકોર્ડેડ મેસેજ આવી રહ્યો હતો. અત્યારે આશ્રમ બંધ છે. તમારો મસેજ છોડી દો.

શ્યામનો ઉતરી ગયેલો ચહેરો અને હંસાબહેનની ભીજાયેલી આંખો ઘણું બધું કહી રહી હતી. ઈન્સ્પેક્ટર માત્રેએ તેમને આશ્વાસન આપતા કહ્યું : બા અને શ્યામ તમે બિલકુલ ચિંતા નહીં કરો હું સવારે સાત વાગે જ આવી જાવું છે. આપણે જીપ લઈ વહેલા જ આશ્રમ પર જવા નીકળી જઈશું.

બીજે દિવસે લગભગ દસ વાગે જીપ આશ્રમના મેન ગેટ પાસે પહોંચી આવી. ઈન્સ્પેક્ટર માત્રેએ અંદર જઈ જોયું તો રાજવીની ગાડી ત્યાં પાર્ક કરેલી દેખાઈ!

માત્રે એ ચોકીદારને બોલાવી તેની સાથે વાત કરી. ત્યાર બાદ જીપ અંદર લેવડાવી. ઓફિસમાં ઈન્કવાયરી કરતાં ખબર પડી કે રાજવી આગલે દિવસે રાત્રે લગભગ આઠેક વાગે આશ્રમમાં આવી. તે તાવથી ધગધગતી હતી. ઓફિસ ક્લાર્ક સાથે આટલી વાત કરી તે મુલાકાતીઓ માટેની રૂમમાં આવ્યા. પાંચ જ મિનિટમાં રાજવીના માસી આવી પહોંચ્યા. શ્યામ તરત તેને પગે લાગ્યો. હંસાબહેને જયશ્રીકૃષ્ણ કર્યા. માસી થોડા ચિંતાભર્યા સ્વરે બોલ્યા : તબિયત સારી ન હોવા છતાં રાજવી શંકરની ટેકરી પર ગઈ છે.

મને ખબર છે...મને શંકરની ટેકરી ખબર છે. એટલું બોલી શ્યામ ટેકરી તરફ જવા ભાગ્યો! કોઈએ તેને અટકાવવાની પણ કોશીશ ન કરી!

ટેકરીના વાંકા-ચૂંકા વળાંકો પર ઝડપથી ચાલતા શ્યામને રાજીવીની પીઠ દેખાઈ. હવામાં લહેરાતા મમ્મીના ગુલાબી દુપટ્ટાને જોઈને શ્યામે બૂમ મારી : મમ્મી... ઝડપ વધારી.. ફરીથી જોરથી બૂમ પાડી : મમ્મી... મમ્મી...!

રાજવી પાછળ જોયા વગર આગળ વધતી રહી. હવે શ્યામ થોડો ગભરાયો. તે રીતસર દોડવા લાગ્યો અને વધુ મોટા અવાજે લાગણીસભર અવાજે બોલ્યો : માઁ.... એ માઁ... ઊભી રહે... માઁ તને તારા શ્યામના સોગંદ!

જાણે ચમત્કાર થયો હોય તેમ રાજવી ઊભી રહી. પાછળ વળી જોયું તો શ્યામ આવતો હતો. તેના હૃદયનો ટૂકડો તેને સાદ પાડી રહ્યો હતો ! તે અટકી ગઈ પણ અત્યંત થાકને કારણે તેને ચક્કર આવ્યા. પણ તે પડે તે પહેલા જ શ્યામ ત્યાં પહોંચી ગયો અને આખા શરીરનું જોર લગાડી તેને પકડી લીધી. બન્ને આંખોમાં આંસુઓ સાથે બોલ્યો : માઁ... તું જ મારી યશોદા.... તું જ મારી માતા. દુનિયામાં તારા સિવાય મારું કોઈ જ નથી. તારા બચ્ચુની નાનકડી ભુલને તું માફ નહીં કરે?!

તેણે રાજવીને પોતાના ખોળામાં સુવડાવી. રાજવી થોડીવાર એમ જ સુઈ રહી. શ્યામ તેના માથા પર હાથ ફેરવતો રહ્યો. થોડી વારે તે બેઠી થઈ અને શ્યામને છાતી સરસો ચાંપ્યો ! આ મીલન માતા અને પુત્રના અલૌકિક પ્રેમને ઉજાગર કરતું મીલન હતું.

શ્યામની પાછળ દોડી આવેલા હંસાબહેન ઈન્સ્પેક્ટર માત્રે અને આશ્રમના સભ્યોની આંખો આ દ્રશ્ય જોઈ ભીંજાઈ!

★★★★★★

ત્રણ કલાક પછી તેઓ જ્યારે મુંબઈ તરફ પાછા ફરી રહ્યા હતા ત્યારે હંસાબહેન અચાનક જ બોલ્યાઃ રાજવી બેટા આ બધી ધમાલમાં હું તને કહેવાનું જ ભૂલી ગઈ કે ઓલીથી ગુરુજીનો ફોન આવ્યો હતો. રાજવીના ચહેરા પર આ સાંભળી એક અપ્રતિમ આનંદની ઝળકી રહી !

.... આવતા અંકે સમાપ્ત

A lot of Gujarati families still do not believe in creative jobs, but one needs to fight through'

'This is life'

- Yesha Kotak

This section is in Collaboration with Leo Multiple 3231

In today's era, times are changing and we see a lot of youngsters from Gujarati families drifting away from what was earlier assumed to a typical business community. Nowadays, the youth are trying to experiment with new age jobs, Aditi Mehta, 26, did the same. She has been working as a graphic designer for almost five years now. Though, it was not easy for her to choose her profession, but she meandered her way through it. Today she handles some of the luxury clients in fashion and accessories segment at Rirev Marketing Consultancy.

Here are the excerpts of the interview with Aditi:

Yesha: Tell me how did you decide to be a graphic designer?

Aditi: So, I was always keen on working towards a creative field because I have that in me. But, it was a tough fight because earlier I gave some entrance exams and also decided to enrol myself for set designing, but it wasn't approved by my parents. Which is why I decided to complete my Masters in Economics because that way they would be happy that I completed my education, and it helped me in convincing them to let me do what I wanted to.

Yesha: Why did you leave the set designing opportunity?

Aditi: It was a six years course at Pune, and coming from a Gujarati family and being a girl, my parents were not okay with the idea that I would have to live in hostel away from home. They wanted me to study further, excel academically, I had to make them understand that I have a creative side to me, which I need to explore. Also, on the other hand a full time degree course in graphic designing would have costed me Rs 14 lakhs. I do not come from a background where I could afford so much back then, my parents also have a younger sibling to take care of. Which is why I did a masters and then a diploma in graphic designing which only cost Rs 30,000 for an eight months course. Having only done a diploma without masters, I wouldn't have been able to get a good job.

Yesha: How did you make a sudden switch from your masters?

Aditi: I used to indulge in graphic designing as a freelancer when I was in college. Even during my masters I worked at Kotak bank, but my heart was in a creative field. One day while speaking to a friend, she made me realise that I am not doing something which I had opted to do in life. Then I decided to go ahead, it was a task but after a lot of blackmailing, my parents finally agreed.

Yesha: What message would you give to other youngsters, like you?

Aditi: Do what you want to do in life, not what your parents, your friends or your brother tells you to because at the end it is your life and you should love what you do. Which is why I am now working on making my brand ie amfreelncer, because I want to work as a freelance graphic designer in future.

પોઝીટીવ ન્યૂઝ

18722

એન વોર્ડ ઘાટકોપરમાં 13 એપ્રિલ 2021 સુધી આટલા પેશન્ટ કોરોનાથી સાજા થઈ ઘરે ગયા છે.

વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહશે.

જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો

ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. – સંચાલક

Voice Of Ghatkopar

Classifieds Special Offer

For 3,6,9,12 Months - upto 15 Words Rs100/- after that per word Rs4/- (Max. 100 words)

Pay For	Get Free	Total
9	4	13
18	8	26
27	12	39
36	16	52

Contact :

Sinjal 8655185667

Jatin 9022279684

રીયલ એસ્ટેટ

એકાઉન્ટસ

કંપની અને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીર્ટન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** 1917(574)

DIAPER TO HOME

Home Delivery Multiple Brands, Adult Diapers, Pull Up Pants, Baby Diapers Contact : **Neena 88797 17871, Deven 99204 70204.** 1922(553)

Free GST Registration

We file incometax, GST and TDS returns, PAN/ TAN application, Aadhar udhyog certificate, IEC application, MSME certificate, Gumasta Licence and Generating DSC. **Contact: K.D & Associates - 70211 70849, 9082992405** (1990) 558

લગ્ન સંબંધી બાયોડેટા
voiceofghatkopar@gmail.com
પર મોકલવાના રહેશે.
વધુ માહિતી માટે સંપર્ક
022 40229684

રીયલ એસ્ટેટ

ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, દાદરથી થાણા

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 93211 03249.** (1916)573

AdiDev Property

Bungalows For Sale at Lonavala 3, 4 and 5 BHK with Swimming Pool and Garden. AdiDev Property Consultants **95947 96032.** (1934)586

રાજાવાડીમાં 3BHK વેચાણથી

૮૩૪ કારપેટ, નવી સોસાયટી, ૩ માસ્ટર બેડરૂમ, વિદ્યાવિહાર સ્ટેશનથી ૧ મિનીટના અંતરે. સંપર્ક **90222 79684**

ગોવંડી ઈસ્ટ

સત્યમ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ગોડાઉન ફેક્ટરી ઓફિસ લાયક બંન્ને બાજુથી લોરી ટચ ગ્રાઉન્ડ ફ્લોર માં કારપેટ એરિયા ૫૦૦ ફૂટ નો ઇન્ડસ્ટ્રીયલ ગાળો વેચવાનો છે સંપર્ક ઓનર : **9324367052** (552)

AVAILABLE FOR SALE

SHIVAM INDUSTRIAL ESTATE in Govandi, 750 Sq.Feet, Gala No.106,Contact Owner **93243 67052**.

લગ્ન સંબંધી

નામ : કવિન નરેશકુમાર ટોલિયા
જન્મ : તા. ૦૯-૦૧-૧૯૮૨
હાઈટ : ૫'૧૦''
અભ્યાસ : બી.કોમ
વ્યવસાય : સર્વીસ
જ્ઞાતિ : ઝાલાવાડી દશા.સ્થા. જૈન
સંપર્ક : 9819230646

નામ : નીરજ ચંપક ટીંબડીયા
જન્મ : તા. ૦૬-૦૧-૧૯૮૯
હાઈટ : ૫'૪''
અભ્યાસ : બી.કોમ.
વ્યવસાય : બિઝનેસ
જ્ઞાતિ : શ્રી. દશાશ્રીમાળી.સ્થા. જૈન
સંપર્ક : 9821750033

વોઈસ ઓફ ઘાટકોપર
ફોન : 40229684
9022279684

ધંધાદારી

Family foalter medicalim policy age o to 75 no medical 3 lac to 1 cross **Dilipbhai 9 3 2 1 5 5 4 5 3 2 / 9136621227** (1997) 561

Waterproofing

ટેરેસ આઉટસાઈડ વોલ છજજીયા ક્રેક ટાંકી રીપેરીંગ કેમીકલ ટ્રીટમેંટ. ૧૦ % બાકી. 5 years guarantee - **8850316907.** (2035) 552

દરેક ન્યુઝ પેપરોમાં
મરણનોંધ - શ્રદ્ધાંજલિ
નોટીસ તેમજ દરેક પ્રકારની
જાહેરાતો આપવા
દોડાદોડી કરશો નહીં.
ફક્ત whatsapp અથવા
Email કરો.
Jainam Publicity
9619160611 / 9323804751
9321789351
Email:aniljainam@gmail.com
www.gmkindia.com

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

LADAKH / KASHMIR . MANALI TOUR 2021 DREAMCASTER

Plan Your Trip To Ladakh in 2021 Directly With Government Registered Local Agent, No Middle Man Commission.. www.dreamcasterleh.com **Contact- 9906992143** (1958) 554

શૈક્ષણિક

RAJ COMPUTERS ACADEMY

Learn Ms-Office, Adv-Excel, Tally With Gst, Graphic Designing, Web Designing, Digital Marketing, C, C++, Java, Python Etc **Contact Chintan Sir- 80975 09493** (1976) 559

જમીન મિલ્કત

ખેડૂત બનવાની

ઉત્તમ તક, સરકારમાન્ય ક્રાયેક્ષર ખેડુત નિર્માણ ગ્રુપ. **98204 41241.** **www. nirmaangroup.in** (1940)538

સોશિયલ મીડિયામાં અફવા ફેલાવનારાઓ પર કાર્યવાહી

સોશિયલ મીડિયામાં અફવા ફેલાવનારાઓ પર કાર્યવાહી કોરોનાની બીજી લહેરે મહારાષ્ટ્ર સહિત દેશમાં હાહાકાર મચાવ્યો છે. આવા સમયે સોશિયલ મીડિયામાં અફવાઓએ પણ જોર પકડ્યુંછે. કોરોના વિશેના ખોટા સમાચારો, ગેરસમજ વધારતા સંદેશાઓને કારણે નાગરિકોમાં ગભરાટ નર્માણ થઈ રહ્યો છે. આ પાર્શ્વભૂમિ પર સાઈબર પોલીસે પ્રતિબંધાત્મક ઉપાય શરૂ કર્યા છે. સમયે આવ્યે સખત કાર્યવાહી પણ કરવામાં આવશે. કોરોના બાબતે અફવાઓ, દ્વિધા નિર્માણ કરતી અર્ધસત્ય વિગતો, છેતરપડીની યોજના ફેલાવનારાઓ વિરુદ્ધ ગયા વર્ષે સખત કાર્યવાહી કરવામાં આવી હતી.

આવી વ્યક્તિઓ પર રાજ્યમાં ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. એ પછી આ કાર્યવાહી ધીમી પડી હતી. જો કે કોરોનાની બીજી લહેરમાં સોશિયલ મીડિયામાં મોટા પ્રમાણમાં અફવાઓ ફેલાઈ રહી છે. તેથી હવે ફરીથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાની માહિતી સાઈબર મહારાષ્ટ્રના પ્રમુખ યશસ્વી યાદવે આપી હતી.

સોશિયલ મીડિયામાં દરેક હિલચાલ, પોસ્ટ કરવામાં આવતી વિગતોની ચુસ્તતાથી તપાસ કરવામાં આવે છે. તેમજ ફેસબુક, ટ્વીટર, ગુગલ વગેરેને અફવા અને દ્વિધા નિર્માણ કરતી પોસ્ટ બાજુ પર કાઢી નાખવા માટે સૂચના આપવામાં આવી છે. કાયદો અને સુવ્યવસ્થા બગડે એવી અફવા ફેલાવનારાઓને પહેલાં ફોજદારી દંડ સંહિતાની કલમ ૧૪૯ અનુસાર નોટિસ બજાવવામાં આવશે. તેમના પર ગુનો નોંધવામાં આવશે એમ યાદવે સ્પષ્ટ કર્યું હતું. સાઈબર મહારાષ્ટ્રની સૂચનાઓ અફવા ન ફેલાવો અને અફવાઓ પર વિશ્વાસ ન રાખો. વોટ્સએપ સહિત અન્ય સોશિયલ મીડિયા દ્વારા વાંચેલી વિગતોની ખાતરી કર્યા વિના ફોરવર્ડ ન કરશો. રેમડેસિવિર, વેન્ટિલેટર અને રસીની અછત છે. આ સેવા ઉપલબ્ધ કરી આપવાની લાલચ દર્શાવીને ઓનલાઈન લેભાગુઓ છેતરપડી કરી શકે છે. તેથી છેતરામણી જાહેરાતોથી દૂર રહો. ગયા વર્ષનો વીડિયો

બીજા રાજ્યોમાં જતી ટ્રેનોમાં શ્રમિકોએ ગિરદી કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. હકીકતમાં આ વીડિયો મુંબઈના રેલવે સ્ટેશનોનો નથી એમ રેલવે પ્રશાસન અને પોલીસે સ્પષ્ટ કર્યું હતું. ગયા વર્ષે આવી જ એક અફવાને કારણે કર્ફ્યુનું ઉલ્લંઘન કરીને બાન્દરા સ્ટેશનની બહાર સેંકડો પરપ્રાંતીય શ્રમિકોએ ગિરદી કરી હતી. આ પ્રકરણે ગુનો પણ નોંધવામાં આવ્યો હતો.

મુલાકાત ફરી ક્યાંક.. ક્યારેક તો થશે તારી!

પાંચ દશકનો દાયકો વિતી ગયો...
તારો... મારો.. એકબીજાના ચહેરાને જોઈને....
સમય ક્યા રોકાણો છે? કોઈકના સારૂ?
કે રોકઈ ક્ષણભર માટે.... તારા-મારા માટે....
બસ.... અછડાઈ જશું કોઈક ક્ષણે... ક્યાંક તો શું?
મારી આંખો બની શકશે પહેચાન તારી....
તારી આંખો બની શકશે પહેચાન મારી?
ચહેરા ઉપર નથી રહી લાલગુલાબી તાજગી તારા કે મારા પર....
આંખોની ચમક... હોઠો પરની હંસી ઝાંખી ઝાંખી થઈ ગઈ...
વાળોના સેથાના દેખાઈ ચાડી ખાઈ રહી છે. સફેદ લટ....
બસ... બચી છે તો આવાજની તેજ ખૂમારી....
શબ્દોની તે જ ઝાકળબિંદુના જેવી રણકતી. વજન કરતી....
એક મેકના એસિમપ્રેમની પરિભાષા કહેતી સદાયે....
શું તુ એજ છો? મારી દિલની પ્રિય મિત્રાણી
શું હું એજ છું? તારી દિલનો શુદ્ધ પ્રેમીમિત્ર...
રાધા પણ ક્યાં કૃષ્ણની થઈ હતી?
કૃષ્ણ પણ ક્યાં રાધાના જીવનસાથી થયા હતા?
તો પણ ઈતિહાસના પાને.... પાને
અદભૂત આવરણ પામી પ્રેમી પંખીડાની જોડી તે
રાધા-કૃષ્ણની....

શ્રી હર્ષદ કે દડિયા (શ્રી હર્ષ)

સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - 9969044481 - Email : prakasjoshi@gmail.com

મેષ (અ,લ,ઈ) : સ્વાસ્થ્યની સંભાળ લેવી આવશ્યક થાય. આવક સાથે ખર્ચા ઘણા રહેતા બચતને આવકાશ નથી રહેતો. નાણાંકીય સાવધાનીનું પ્રમાણ વધારે જોવા મળે સાહસીકતામાં વધારો થઈ શકે છે. પરંતુ વધારે પડતા અથવાતો આંધળુકીયા કરવાથી દૂર રહેવું હિતકાર પુરવાર થાય ભાગીદાર/જીવનસાથીનો સાથ સહકાર મળતા વ્યવહારો અને ખર્ચાઓ સચવાઈ જતાં જોવાય. વધારાની આર્થિક પ્રવૃત્તીઓ મળી રહેતાં આવકની સંભાવનામાં વધારો થઈ શકે છે. ભાગ્યનો સાથ મળી રહે.

વૃષભ (બ,વ,ઉ) : સ્વાસ્થ્યની સ્થિતી એકંદરે જળવાઈ રહેતી જોવાય. યાત્રા-પ્રવાસ, જાત્રા-પિકનીકનું આયોજન થતાં ખર્ચાઓ વધી શકે છે. સાથે સાથે કૌટુંબીક સ્વાસ્થ્યની જાળવણી માટે દવા-હોસ્પિટલનો ખર્ચ થઈ શકે છે. ધાર્મિક પ્રવૃત્તીઓમાં પણ ખર્ચ કરવો પડતો જોવાય. સાહસ-સટ્ટા અને આંધળુકીયા આયોજન થકી નુકશાન ન થાય તે અંગે જોવું અત્યંત જરૂરી છે. યાત્રા-પ્રવાસ અથવા સ્વના કામકાજો માટે વાહન અંગેની ખરીદીનું આયોજન થઈ શકે છે. ધન અને સુઃખ અનાયાસે મળી શકે છે.

મિથુન (ક,છ,ઘ) : સ્વાસ્થ્ય બાબતે કાળજી લેવી જરૂરી થાય છે. આર્થિક બાબતે ભાગ્યના સથવારે ખર્ચાઓ અને વ્યવહારો સચવાઈ જતાં જોવાય છે. કોઈ મોટી ઘટના થવાની શક્યતાઓ ઓછી રહેતી જોવાય. કિંમતી વસ્તુની ખરીદી કરવી શક્ય થાય પરંતુ ડિઝાઈનર અને ફેશન પ્રમાણેનું ન હોય શકે, પસંદગી અંગે થાપ ખાઈ જવા જેવું રહે. વાયુ પિત્ત અંગેની તકલીફ થવી શક્ય છે. આહાર વિહાર પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય. મિત્રો, શુભેચ્છકો સાથે વધારે સમય પસાર થતો જોઈ શકાય. ધ્યાન રાખવું.

કર્ક (ડ,હ) : વાયુ પ્રકૃતી અને પ્રકોપનું પ્રમાણ વધારે રહેતું જોવાય અથવા સ્વાસ્થ્ય સારૂ રહેતું જોવાય. આવક અને નાણાંકીય સ્થિતી સારી રહેતી જોવાય. ખર્ચાઓ અને વ્યવહારો જળવાઈ રહેતા જોવાય. ભાગ્ય કરતાં કર્મ પર વધારે આધાર રાખવો પડતો જોવાય. વડીલો સાથે થોડો સમય અલગ રહેવાની સ્થિતી થતી જોવાય. શેર-સટ્ટા લાભલ વગેરે માંગણીમાં ગણતરીપૂર્વક આગળ વધવું અત્યંત જરૂરી છે. વાહનમાં ફેરફાર કરવો હોય તો શક્ય થાય. કરેલી મહેનત વ્યર્થ જતી અનુભવી શકાય અને લાભ ન પણ મળે.

સિંહ (મ,ટ) : માનસીક તાણ અને ગભરામણની સ્થિતીથી છુટકારો મળી શકે છે. સ્વાસ્થ્યની સ્થિતી સુધરતી જોવાય. વ્યવસાય-નોકરીમાં બઢતી-બદલી થવી શક્ય થાય નાણાંકીય તંગીમાંથી બહાર નિકળવા રસ્તાઓ કરવા પડે નાણાંકીય તંગીમાં ખર્ચાઓ-વ્યવહારો સાચવવા આયોજન કરવું જરૂરી થાય વાહન અંગેની ખરીદી વધારે ઉપયોગી થઈ શકે તેવી ધારણા ખોટી પુરવાર થઈ શકે આગળ પણ યાત્રા-પ્રવાસ બહારગામ જવા અંગેના આયોજનો થઈ શકે છે. શ્વસન તંત્ર અને હાર્ટને લગતી સમસ્યાઓથી છુટકારો મળી શકે છે.

કન્યા (પ,ઠ,ણ) : સ્વાસ્થ્ય બાબતે મેદસ્વીતાનું પ્રમાણ વધારે ન થાય તે અંગે ધ્યાન રાખવું જરૂરી છે. આવક સાથે ખર્ચાઓ રહેતાં બચતને આવકાશ રહેતો નથી તેવી અનુભૂતી થયા કરતી જોવાય. આવકના સ્તોત્રોમાં વધારો થઈ શકે છે. લાભ આગળ પણ મળી શકે છે. ખરીદાયેલી કિંમતી વસ્તુ કે જર-જવેરાત ભાગીદારી જીવનસાથીને વધારે ગમતાં હોય તેવી શક્યતા રહેતી જોવાય. વાહન-ઈમીટેશન વસ્તુની ખરીદી કરવી અથવા તો બદલાવવી હોય તો શક્ય થાય. વૈચારીક બદલાવ અને ધાર્મિક માન્યતામાં ફેરફાર થવા અંગેની શક્યતા વધારે રહેતી જોવાય.

તુલા (ર,ત) : ડાયાબિટીસ-બ્લડપ્રેશર અંગે સંભાળવું અત્યંત જરૂરી થાય આહાર-વિહાર પર પુરતું ધ્યાન આપવું જરૂરી છે. વાયદા અને આંગોતરા કરેલા સોદામાં સ્ટોપ લાસ અંગેનું આયોજન કરી નુકશાની/ડેમેજ કંટ્રોલ અંગેનું આયોજન કરવું અત્યંત જરૂરી થાય છે. આગળ પણ વધારે નુકશાની આવી શકે છે. ટૂંકાગાળાનું રોકાણ લાંબા ગાળાનું ન થાય તે અંગે પણ લોભ-લાલચથી બચવું જરૂરી થાય છે. સ્વાસ્થ્યની સ્થિતી બેગડે નહીં તે માટે આહાર-વિહાર પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય. ઉપરી વસ્તુની અસર ટાળવા ઈલાજો કરી લેવા જરૂરી છે.

વૃશ્ચિક (ન,ય) : સ્વાસ્થ્યની સ્થિતી અનુકુળ ન રહેતાં આહાર-વિહાર પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય છે. ચર્મ રોગ અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી થાય. આંધળુકીયા અને અતિરેક દ્વારા આર્થિક સ્થિતી ખરાબ થઈ શકે છે. નાણીકીય પ્રવૃત્તીઓ આયોજન પૂર્વક કરવી અત્યંત જરૂરી થાય છે. કિંમતી વસ્તુની ખરીદી કરવી શક્ય થાય. સ્થાવરમાં નાણાંકીય રોકાણ કરવું હોય તો સમજી વિચારીને આગળ વધવું અત્યંત જરૂરી છે. કામકાજ અને કાર્ય પદ્ધતીમાં થયેલા ફેરફાર થોડો સમય પ્રતિકુળ અસર દેખાડી શકે છે. ધ્યાન રાખવું પડે.

ધન (ભ,ધ,ફ,ઢ) : સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતું જોવાય અને કાર્ય શક્તિ સારી રહેતી જોવાય. વિદેશ-મથક-બહારગામના કામકાજોનું પ્રમાણ ઘટે કે તેમાં મંદી આવતી જોવાય. છતાં નાણાંકીય જવાબદારી અને વ્યવહારો જળવાઈ જતા જોવાય. નાણાંકીય તંગી અંગે આયોજન કરવું હિતકર પુરવાર થતું જોવાય. વાહનની ખરીદી સંતાનો અને અન્ય વ્યક્તિઓ માટે વધારે ઉપયોગી થાય હિંમતમાં વધારો થયેલો જોવાય. ભાગીદારી/લગ્નજીવનમાં સફળતા મળતી શક્ય થાય. સાહસીકતા વધતાં શેર-સટ્ટા, વાયદા તરફ વળતાં જોવાય.

મકર (ખ,જ) : શ્વસન તંત્ર અંગેના પ્રશ્ને ઉદાસી રાખવા થકી તકલીફોમાં વધારો કરી શકે છે. સંભાળ લેવી અને ત્વીરત ઈલાજો કરી લેવા જરૂરી છે. વધારાની કમાણી અને અજુગતી આવક ઉભી થઈ શકે છે. ઉઘરાણીમાં અટલાયેલા નાણાં થકી વ્યવહારો અને ખર્ચાઓનું આયોજન સચવાઈ જાય. આગળ પણ તે અંગે પ્રયત્નોમાં સફળતા મળી શકે છે. સંતાનો અને ભ્રાતૃવર્ગને આનંદ પ્રમોદ કરવાની તકો મળતી જોવાય યાત્રા-પ્રવાસમાં જરૂરી દવા-ઉપકરણો સાથે રાખવા જરૂરી છે.

કુંભ (ગ,સ,શ,ષ) : સામાન્ય સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતું જોવાય. ભાગીદારી જીવનસાથી દ્વારા નાણાંકીય આવક થવી વધારો થવો શક્ય થઈ શકે. તેનો લાભ વધારે તેમને મળી શકે છે. શેર-સટ્ટા, વાયદા-વ્યાપારમાં વધારે ધ્યાન રાખવું અત્યંત જરૂરી થાય છે. વાહન વસાવવા અંગેનું આયોજન સ્થાવર જંગમનુ સમારકામ-રીનોવેશન અને ઈન્ટીરીયર અંગેના ખર્ચાઓ કરવા આયોજન થઈ શકે છે. ચાલુ ધંધા/વ્યવસાય અંગેની પ્રવૃત્તી સીવાય સટ્ટા-સાહસમાં વધારે ધ્યાન આપવા કટીબદ્ધ થવું પડે.

મીન (દ,ચ,ઝ,થ) : માનસીક ભય અને વિચાર વમળો સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે. વધારે પડતો શ્રમ અને શારીરિક કષ્ટ સ્વાસ્થ્ય અંગેમાં વાડ આવી શકે છે.હાથની નીચેની વ્યક્તિઓ અને સહાયકો નાણાંકીય જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરી શકે છે. વિરોધીઓની પ્રવૃત્તી વધારે પ્રમાણમાં નકારાત્મક રહેતી જોવાય. વાયરલ ઈન્ફેક્શન અંગે સાવધ રહેવું અને ત્વરીત પગલા લેવા અત્યંત જરૂરી થાય છે. ઘરેલું ખર્ચાઓમાં વધારો થઈ શકે છે. સાથે ભાગીદાર જીવનસાથી /ભાગીદારીની આવકમાં ધીમીગતી રહેતી જોવાય.



શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

- સંકલન : વિજય બોટાદરા

ગતાંકથી આગળ

શુદ્ધ અને સંપૂર્ણ યથાર્થ ઉપયોગ જેને રહ્યો છે તે પરમાત્મદશાને પ્રાપ્ત થયેલો આત્મા ગણાય. અશુદ્ધ ઉપયોગી હોવાથી જ આત્મા કલ્પિતજ્ઞાન (અજ્ઞાન)ને સમ્યક્જ્ઞાન માની રહ્યો છે, અને સમ્યક્જ્ઞાન વિના પુનર્જન્મનો નિશ્ચય કોઈ અંશે પણ યથાર્થ થતો નથી. અશુદ્ધ ઉપયોગ થવાનું કંઈ પમ નિમિત્ત હોવું જોઈએ. તે નિમિત્ત હોવું જોઈએ. તે નિમિત્ત અનુપૂર્વીએ ચાલ્યાં આવતાં બાહ્યભાવે ગ્રહેલાં કર્મપુદ્ગલ છે. (તે કર્મનું યથાર્થ સ્વરૂપ સૂક્ષ્મતાથી સમજવા જેવું છે, કારણ આત્માને આવી દશા કાંઈ પણ નિમિત્તથી જ હોવી જોઈએ; ને તે નિમિત્ત જ્યાં સુધી જે પ્રકાર છે તે પ્રકરે ન સમજાય ત્યાં સુધી જે વાટે જવું છે, કારણ આત્માને આવી દશા કાંઈ પણ નિમિત્તથી જ હોવી જોઈએ; અને તે નિમિત્ત જ્યાં સુધી જે પ્રકારે છે તે પ્રકારે ન સમજાય ત્યાં સુધી જે વાટે જવું છે તે વાટની નિકટતા ન થાય.) જેનું પરિણામ વિપર્યય હોય તેનો પ્રારંભ અશુદ્ધ ઉપયોગ વિના ન થાય, અને અશુદ્ધ ઉપયોગ ભૂતકાળના કંઈ પણ સંલગ્ન વિના ન થાય. વર્તમાનકાળમાંથી આપણે એકેકી પળ બાદ કરતા જઈએ, અને તપાસતા જઈએ, તો પ્રત્યેક પળ ભિન્ન ભિન્ન સ્વરૂપે ગઈ જણાશે. (તે ભિન્ન ભિન્ન થવાનું કારણ કંઈ હોય જ.) એક માણસે એવો દ્રઢ સંકલ્પ કર્યો કે, યાવત્જીવનકાળ સ્ત્રીનું ચિંતવન પણ મારે ન કરવું; છતાં પાંચ પળ ન જાય, અને ચિંતવન થયું તો પછી તેનું કારણ જોઈએ. મને જે શાસ્ત્રસંબંધી અલ્પ બોધ થયો છે. તેથી એમ કહી શકું છું કે, તે પૂર્વકર્મનો કોઈ પણ અંશે ઉદય જોઈએ. કેવાં કર્મનો? તો કહી શકીશ કે, મોહનીય કર્મનો; કઈ તેની પ્રકૃતિનો ? તો કહી શકીશ કે, પુરૂષવેદનો. (પુરૂષવેદની પંદર પ્રકૃતિ છે.) પુરૂષવેદનો ઉદય દ્રઢ સંકલ્પે રોક્યો છતાં થયો તેનું કારણ હવે કહી થશે. આ સ્થળે બહુ દ્રષ્ટાંતોથી કહેવાની મારી ઈચ્છા હતી; પણ ધાર્યા કરતાં કહેવું વધી ગયું છે. તેમ આત્માને જે બોધ થયો તે મન યથાર્થ ન જાણી શકે. મનનો બોધ વચન યથાર્થ ન કહી શકે. વચનનો કથનબોધ પણ કલમ લખી ન શકે. આમ હોવાથી અને આ વિષય સંબંધે કેટલાક શૈલીશબ્દો વાપરવાની આવશ્યકતા હોવાથી અત્યારે અપૂર્ણ ભાગે આ વિષય મૂકી દઉં છું. એ અનુમાન પ્રમાણ કહી ગયો. પ્રત્યક્ષ પ્રમાણ સંબંધી જ્ઞાની દ્રષ્ટ હશે, તો હવે પછી, વા દર્શનસમય મળ્યો તો ત્યારે કંઈક દર્શાવી શકીશ. આપના ઉપયોગમાં રમી રહ્યું છે, છતાં બે એક વચનો અહીં પ્રસન્નતાર્થે મૂકું છું :-

૧. સર્વ કરતાં આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે. ૨. ધર્મવિષય, ગતિ, આગતિ નિશ્ચય છે. ૩. જે ઉપયોગની શુદ્ધતા તેમ આત્મજ્ઞાન પમાય છે. ૪. એ માટે નિર્વિકાર દ્રષ્ટિની અગત્ય છે. ૫. 'પુનર્જન્મ છે' તે યોગથી, શાસ્ત્રથી અને સહજરૂપે અનેક સત્પુરૂષોને સિદ્ધ થયેલ છે.

આ કાળમાં એ વિષે અનેક પુરૂષોને નિઃશંકતા નથી થતી તેનાં કારણો માત્ર સાત્ત્વિકતાની ન્યૂનતા, ત્રિવિધતાપની મૂર્છના, 'શ્રી ગોકુળ ચરિત્ર'માં આપે દર્શાવેલી નિર્જનાવસ્થા તેની ખામી, સત્સંગ વિનાનો વાસ, સ્વમાન અને અયથાર્થ દ્રષ્ટિ એ છે.

ફરી એ વિષે વિશેષ આપને અનુકુળતા હશે, તો દર્શાવીશ. આથી મને આત્મોજ્જ્વલતાનો પરમ લાભ છે. તેથી આપને અનુકૂળ થશે જ. વખત હોય તો બે ચાર વખત આ પત્ર મનન થવાથી મારો કહેલો અલ્પ આશય આપને બહુ દ્રષ્ટિગોચર થશે. શૈલીને માટે થઈને વિસ્તારથી કંઈક લખ્યું છે; છતાં જેવું જોઈએ તેવું સમજાવાયું નથી એમ મારૂ માનવું છે. પણ હળવે હળવે હું ધારૂ છું કે, તે આપની પાસે સરળરૂપે મૂકી શકીશ.

ક્રમશઃ

મને વારંવાર માઈગ્રેન (માથાનો દુઃખાવો થાય છે ભાગ-૫ લક્ષણો)

ડૉ. મણિલાલ ગડા
સીનીયર મનોચિકિત્સક

ડૉ. દિપ્તી શાહ (ગડા)
બાળ મનોચિકિત્સક

આગળના લેખમા (ભાગ-૪) આપણે જાણ્યું કે શારીરિક તપાસ તથા ઊંડાણમાં માનસિક તપાસ અને માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિથી નોંધ (Scientific Headache Diary) વ્યવસ્થિત નોંધ પરથી મનના આંતરિક પરિબળો તથા બાહ્ય શારીરિક પરિબળો વારંવાર થતાં માથાના દુઃખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી શકાય છે. તથા સમજી શકાય છે. જે સારવારમાં ખાસ કરીને કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે. જેથી સારવારના અપેક્ષિત યોગ્ય પરિણામો મળે છે.

આ લેખમાં લક્ષણો વિષે જાણકારી મેળવીએ જેથી વારંવાર થતા માથાના દુઃખાવાના કિસ્સા (Migraine Headache) યોગ્ય નિદાન કરી શકાય.

લક્ષણો

વારંવાર થતા માથાના દુઃખાવાના બે પ્રકાર છે. ૧) સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુખાવો (Muscle Contraction Headache), ૨) આધાશીશી (Migraine Headache)

૧) સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુખાવો અથવા ટેન્શન હેડએક (Muscle Contraction Headache- MCH Or Tension Headache)

આ સર્વસામાન્ય માથાના દુઃખાવાની બીમારી છે. વારંવાર થતા માથાના દુઃખાવાના ૧૦૦ દર્દીઓમાં ૬૫% (બે તૃતીયાંશ) દર્દીઓ સ્નાયુઓના સંકોચાવાથી થતાં (ટેનશન હેડએક) માથાના દુઃખાવાના દર્દીઓ હોય છે.

એટલે કે વારંવાર થતાં માથાના દુઃખાવાના ત્રણ દર્દીઓમાં બે દર્દી સ્નાયુઓના સંકોચાવાથી થતાં દર્દીઓ હોય છે.

લક્ષણો :

૧) માથું ભારે ભારે લાગે.

૨) આખું માથું દુખે છે/ ભારે લાગે છે. અથવા દુઃખાવો એક બાજુથી શરૂ થઈ બીજી બાજુ જાય છે.

૩) માથુ ઝીણું ઝીણું દુઃખે છે. માથાના દુઃખાવાની તીવ્રતા ઓછી હોય છે.

૪) ઉલ્ટી કે ઉબકાં આવતા નથી.

અન્ય લક્ષણોમાં

૫) શારીરિક નબળાઈ લાગે છે.

૬) શરીરના અન્ય ભાગોમાં /સ્નાયુઓમાં દુઃખાવો થતો હોય છે.

૭) ઉંઘમાં ખલેલ પડે છે. સ્ફૂર્તિદાયક ઉંઘ હોતી નથી.

૮) રૂટિન કામમાં ઉત્સાહ કે મન ઓછુ થાય છે.

૯) રડવું આવી જાય છે.

૧૦) નજીવી બાબતોમાં ચિડિયાપણું આવે છે.

શારીરિક તપાસ, લોહીની તપાસ, એક્સ રે, માથાનો સી.ટી.સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન. ઈ.ઈ.જી. (માથાના ઈલેક્ટ્રીક ગ્રાફ) બધુ જ નોરમલ આવે છે.

આ પ્રકારના માથાના દુઃખાવા માટે માનસિક સ્ટ્રેસ મુખ્ય ભાગ ભજવે છે.

દર્દીને અ) ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ તથા બ) બનતા નકારાત્મક પ્રસંગો અનેક) વ્યક્તિનો નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયા માથાના દુઃખાવા માટે મુખ્ય ભાગ ભજવે છે.

અ) નિરાશાજનક પરિસ્થિતીનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ. બ) નકારાત્મક પ્રતિક્રિયા, ક) નિરાશાજનક લાગણીઓ વ્યક્ત કરવાની અણઆવડત, ડ) અવ્યક્ત નકારાત્મક લાગણીઓને દબાવી દેવાની માનસિક વૃત્તિ, ઈ) વાસ્તવિકતા કરતા વધારે પડતી અપેક્ષાઓ, એફ) અપેક્ષિત પરિણામ ન મળવું, જી) ''ના'' પાડવા માટેના મનોબળનો અભાવ વગેરેથી માનસિક સ્ટ્રેસ વધે છે. તથા આ સ્ટ્રેસને લીધે માથનો દુઃખાવો શરૂ થાય છે અને /અથવા વધી જાય છે.

૨) આધાશીશી-માઈગ્રેન (Migraine Headache)

વ્યાપ તથા વિસ્તાર : વારંવાર થતા માથાના દુઃખાવાના ૧૦૦ દર્દીઓ ફક્ત ૩૫% (એક તૃતીયાંશ) દર્દીઓ માઈગ્રેનના દર્દીઓ હોય છે.

એટલે કે વારંવાર થતા માથાના દુઃખાવાના ત્રણ દર્દીઓમાં ફક્ત એકજ દર્દી માઈગ્રેનનો દર્દી હોય છે.

લક્ષણો : ૧) અડધુ જ માથુ દુઃખે છે. કોઈક જ વખત આખું માથું દુઃખે છે.

૨) દુઃખાવો તીવ્ર હોય છે (Severe Headache)

૩) માથુ ફાટી જશે એવું લાગે છે.

૪) સાથે ઉબકા આવે છે કે ઉલ્ટી થાય છે.

૫) આંખોમાં અંધારા આવે છે કે પ્રકાશના ઝબકારા (Flashes Of Light) આંખોમાં થાય છે.

૬) પ્રકાશ કે અવાજ દુઃખાવાના સમય દરમ્યાન સહન થતાં નથી.

૭) ઘણી વખત બે છબીઓ (Double Images) દેખાય છે.

૮) અંધારા ઓરડામાં રહેવાનું મન થાય છે.

૯) માથાનો દુઃખાવો સામાન્ય રીતે બે-ત્રણ દિવસમાં મટી જાય છે.

૧૦) બે દુઃખાવાના એપિસોડની વચ્ચે અન્ય લક્ષણો કે ફરિયાદો નહીંવત હોય છે

સ્ટ્રેસ અને માઈગ્રેનનો દુઃખાવો :

સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે માઈગ્રેન એટેક માટે પણ માનસિક સ્ટ્રેસ અગત્યનો ભાગ ભજવે છે. બનેલા પ્રસંગોની લાગણી (Emotion) પર નકારાત્મક અસર, પ્રસંગો પ્રત્યે નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયાને લીધે માનસિક સ્ટ્રેસનું નિર્માણ એ વ્યક્તિ (દર્દી)માં થાય છે.

માનસિક સ્ટ્રેસને લીધે ૧) માઈગ્રેનના હુમલાઓ વધી જાય છે. ૨) દુઃખાવો વધારે તીવ્ર રહે છે. ૩) સારવારમાં સ્ટ્રેસ અવરોધકારક પરિબળ બને છે.

આવતા લેકમાં સારવાર વિષે જાણકારી મેળવશું વારંવાર થતા માથાના દુઃખાવામાં મનોચિકિત્સા તથા કાઉન્સેસીંગ મહત્વના છે. આ સારવારથી દુઃખાવો જલ્દી કાબુમાં આવે છે. તથા માઈગ્રેનના હુમલાઓ અટકાવી શકાય છે.

(ક્રમશ...)

શબ્દોનું સ્પંદન

ભેદભાવ વગર સ્વાસ્થ્ય સર્વ માટે

પ્રા. બિંદુ મહેતા

પહેલું સુખ તે જાતે નર્યા. આપણે 1950થી દરવર્ષે 7 એપ્રિલે વિશ્વભરમાં આ દિવસ વર્લ્ડ હેલ્થ ડે તરીકે ઉજવીએ છીએ. દર વર્ષે તેનો જુદો જુદો વિષય રાખીએ છીએ અને આરોગ્યના તે પાસા પર સૌથી વધારે ધ્યાન આપીએ છીએ. વર્ષ દરમ્યાન તેના પર લેખ લખાય છે. સંશોધન થાય છે તેની ચકાસણી થાય છે. તે અંગે વર્કશોપ સેમીનાર પણ થાય છે. પરંતુ આ વર્ષે 2021 અમલમાં આવ્યું છે. આપણું સ્વાસ્થ્ય સારું હોય તો આપણે દુનિયાના સુખ માણી શકીએ. આપણે આપણા અને અનેકો માટે અનેક કાર્ય કરી શકીએ WHO પ્રમાણે શારીરિક તંદુરસ્તી માનસિક સ્વાસ્થ્ય સામાજિક અને આધ્યાત્મીક સ્વાસ્થ્ય. શારીરિક સ્વાસ્થ્ય તરફ લોકોનું લક્ષ્ય હોય છે પરંતુ તેના પર પણ સતત માનસિક સ્વાસ્થ્યની અસર થાય છે. આમ જોઈએ તો ત્રણે એકબીજા પર અસર પહોંચાડે છે અને તેની અસર તળે આવે છે. પણ બહુ ઓછા લોકોનું તે તરફ ધ્યાન જાય છે. આપણે પ્રસન્ન હોઈએ તો સ્ત્રાવ સંક્રિય બને અને પાચન શક્તિ સારી થાય છે. અને કોઈક કારણસર કોઈ આપણું અપમાન કરે અન્યાય કરે તો સતત જીવ બળતો હોય ત્યારે નિરાશાના વાદળો ઘેરાય જાય. ઉંઘ અને આહાર બન્ને પર આની માઠી અસર થાય. સામાજિક અને માનસિક પાસા તો બન્ને જોડીયા બહેન જેવા છે. સતત પારસ્પારિક અસર થાય છે. ને તેની અસર શરીર પર થાય છે. માનવી પહેલા શ્વાસથી છેલ્લા શ્વાસ સુધી સંબંધોના ઝાળામા ગુંથાયેલો હોય છે. સામાજિક ક્ષેત્રે ઘણા જાતિ જ્ઞાતિ લીંગના ભેદભાવ છે. સ્ત્રી અને પછાત જાત સાથેનાં વ્યવહાર નિમ્ન હોય છે. સ્ત્રીને બધા જ બાબતોમાં ચાલશે ફાવશે ને ગમશે તેમ માને છે. તેથી તેનું શારીરિક સ્વાસ્થ્ય કથળે છે. અનેક પ્રથા એવી છે કે જે સ્ત્રીનું જલ્દી જીવન ટુંકાવી નાખે છે, (ગર્ભ હત્યા અપુરતો આહાર અને કાળજી નાની ઉંમર લગ્ન ઉપરા ઉપરી સુવાવડ જેથી સ્વાસ્થ્ય કથળે છે) સ્ત્રી પર અનેક અત્યાચાર ઘર અને બહાર સમય પ્રમાણે અત્યાચારનું સ્વરૂપ બદલાય છે. આજની ભણેલી ગણેલી સ્ત્રીને પણ તું ચૂપ રહે તનો ન ખબર પડે તુ નહિ તારામાં અક્કલ નથી હજી પણ એવુ માનનારા લોકો છે કે જે કહે કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ છે. અનેક જુદા જુદા માનસિક તનાવમાંથી પસાર થઈ મનોરોગી બની શકે છે અથવા આત્મઘાતી વૃત્તિ કેળવે છે શારીરિક સ્વાસ્થ્ય માટે સંપૂર્ણ પૂરતો આહાર, કામ કસરત પુરતી ઉંઘ જોઈએ, તેવી જ રીતે માનસીક સ્વાસ્થ્ય માટે પણ કામ ઉંઘ મનનો પ્રસન્નતા બીજી ઘણી બાબતો જરૂરી છે.

સ્વાસ્થ્ય સામાજિક સંબંધો વ્યક્તિની સમાજમાં ગણના થવી જોઈએ. સમાનતા સ્વતંત્રત ન્યાય મળે દરેકને પોતાના દરજ્જા પ્રમાણે કામ અને માન મળવું જોઈએ. વ્યક્તિને પુરતા આહારની જેમ પુરતા સર્વાંગી સંબંધો પોતાની વ્યક્તિ મિત્રો જરૂરી છે. જેવી રીતે બીમારી નથી એટલે શરીર સ્વસ્થ છે. તેમ ન માની શકાય પણ વ્યક્તિને કામ કરવાનો ઉત્સાહ જરૂરી છે, તે પોતાના બધાજ કામ સારી રીતે કરી શકે છે તે મહત્વનું છે. કામ માટે કામની આવડત, વ્યક્તિ સામાજિક ટેકો અને પ્રોત્સાહન પણ તેટલા જ જરૂરી છે. એક વ્યક્તિની કામની પરખ કરી તેને પ્રોત્સાહન આપી આગળ વધારી શકાય અને જો તેજ વ્યક્તિનો વારંવાર વાંક કાઢી હતોત્સાહી કરી તેને નકામી પણ બનાવી શકાય.

વ્યક્તિને સમાજનો પુરતો સાથ સહકાર પણ જરૂરી છે. આધ્યાત્મિક વિકાસ દરેક કાર્યમાં અને જીવનમાં બહુજ મહત્વનો છે. ધર્મનો આધાર મનુષ્યને શક્તિ- બળ- ટેકો આપે છે. પરંતુ ધર્મમાં પણ ઉંચ નીચના ભેદભાવો ઘણા છે. કેટલાય વખત સુધી અને હજી પણ અમુક જગ્યાએ નિમ્ન જ્ઞાતિનાને ધાર્મિક પ્રવેશ નથી અને ઘણાજ ધાર્મિકક્ષેત્રે પણ સ્ત્રીનું અપમાન થાય છે, ને તેની સાથે અન્યાય થાય છે. આધ્યાત્મિકતામાં મન પરોવી વ્યક્તિ ઘણી બધી આપદામાંથી બચી જાય છે અને આ લોકથી પરલોકિક જગત સાથેનો સંબંધ બાંધી જીવનને ઉર્ધ્વ ગતિતરફ લઈ જઈ શકે છે. વિપરીત સમયને સંજોગો સામે ટકવાનું બળ આપે છે.

આજે જ્યારે કોવિડ-19 મહામારીએ માનવજાતને પોતાના ભરડામાં લીધી છે. ત્યારે પણ સામાજિક ધાર્મિક ક્ષેત્રે વી.આઈ.પી. કલ્ચરની બોલબાલા છે. આજે ધાર્મિક સ્થાનોમાં ઘણા પ્રતિબંધો છે તેમાં સ્ત્રીઓને તો નહીજ જવા દેવી તેવું લગભગ બધે જ છે અને આપણે જરા વિચારીએ તો કે આ મહામારીને માનવ જાતિના કોઈપણ ભેદભાવ નથી તેમાંથી પણ કોઈ બોધપાઠ લઈને સાચા અર્થમાં ભેદભાવ વગર બધા માટે સર્વેના સ્વાસ્થ્યનો નિર્ધાર અમલમાં આવ્યો છે. ત્યારે આપણે માનવતાવાદી અભિગમ અપનાવવાની ને આ સૂત્રને પુરી તાકાત સાથે સફળ બનાવીએ તો જગત ભયો ભયો થાય.

MNE/413/2019-21

વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

9022279684

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

શોપ ભાડેથી જોઈએ છે

ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટમાં ૨૦૦ થી ૨૫૦ ફૂટ શોપ - દુકાન ૩ થી ૫ વર્ષ માટે ભાડેથી જોઈએ છે. દલાલ માફ

સંપર્ક

9022279684

9869038095

વર્ષ : 14 ● અંક : 13 ● સળંગ અંક : 552 ● મુંબઈ ● શુક્રવાર ● તા.16 અપ્રિલ – 22 અપ્રિલ 2021 ● પાના : 12 ● કિંમત રૂ.4

ઘાટકોપર વેસ્ટમાં નગરસેવિકા અશ્વિની દીપક હાંડેના પ્રયત્નોથી મનપાના માધ્યમે સર્વોદય હોલમાં ૪૦૦ બેડનું નિઃશુલ્ક કોરન્ટાઈન સેન્ટર તૈયાર

ઘાટકોપર વેસ્ટના વોર્ડ ક્રમાંક 128ના નગરસેવિકા અશ્વિની દીપકબાબા હાંડેના પ્રયત્નોથી સર્વોદય હોલમાં અમુક હોલમાં મફત સીસીસી-૨ એટલે કે કોવિડ કેર સેન્ટર કોરોનાના દર્દીઓને કોરન્ટાઈન થવા માટે શરૂ કરવામાં આવ્યું છે. અહીં એડમીટ થવા ઈચ્છતા લોકોએ હેલ્પલાઈન નંબર 02221010201 પર સંપર્ક કરવાનો રહેશે. દીપક બાબા હાંડેએ વોઈસ ઓફ ઘાટકોપર સાથે વાત કરતા જણાવ્યું કે એન વોર્ડમાં વધી રહેલ કોવિડના કેસને ધ્યાનમાં લેતા મહાનગરપાલિકાને આ અંગે વિનંતી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની પરવાનગી મળતા આ કોવિડ કેર સેન્ટર માટે સર્વોદય હોસ્પિટલના ૩ માળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એડમિટ થનાર દર્દીને માટે અહીં દવા, બે ટાઈમ ચા-નાસ્તો અને જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે. વોરરૂમના માધ્યમે અહીં સરળતાથી એડમિશન મેળવી શકાશે.

મુંબઈ મનપા દ્વારા ૪૯૮ કરોડનાં ખર્ચે વર્ષ ૨૦૧૮થી શરૂ કરાયેલ ૩૨ શાળાઓના નવિનીકરણનું કામ હજુ સુધી પૂર્ણ થયું નથી

'એન' વોર્ડમાં ૧૧.૮૪ કરોડનાં ખર્ચે નિર્માણાધીન સ્કુલનાં કોન્ટ્રાક્ટરને રૂા.૬૦ હજારનો દંડ

જતીન કોઠારી

મહાનગરપાલિકા દ્વારા મુંબઈની ૩૨ સ્કુલોના નવિનીકરણ માટે રૂા. ૪૯૮ કરોડનાં ખર્ચે કામ શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮થી શરૂ કરાયેલ આ કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૦ માં ૩૨માંથી ૧૬ સ્કુલનું કામ સમયે પૂર્ણ થયેલ નથી.વર્ષ ૨૦૨૧માં ૧૦ સ્કુલનું અપેક્ષા મુજબ કામ આગળ વધી રહ્યું નથી. ઘાટકોપર 'એન' વોર્ડમાં વેસ્ટનાં સાંઈનાથ નગર ખાતે આવેલ મનપા શાળા નં-૧ નું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે. જે માટે કોન્ટ્રાક્ટરને રૂા.૬૦ હજારનો દંડ ફટકારાયો છે.

આરટીઆય કાર્યકર્તા અનિલ ગલગલીએ મુંબઈમાં ચાલી રેહલ સ્કુલનાં વિકાસ કાર્યો અંગે માહિતી અધિકાર નિયમ અંતર્ગત માહિતી માંગી હતી. જેમા ૩૨ શાળાઓનું કામ ખૂબ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. 'એન' વોર્ડની ઉપરોક્ત જણાવેલ શાળાનું રૂા.૧૧.૮૪ કરોડનાં ખર્ચે પુનનિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ૧૬ ઓક્ટોબર ૨૦૧૮ના વર્કઓર્ડર અને ૧૮ નવેમ્બર ૨૦૨૦નાં કામપૂર્ણ કરવાની તારીખ સામે હજી આ સ્કુલનું કામ પૂર્ણ થયું નથી. આ કોન્ટ્રાક્ટર પર મનપા મહેરબાન હોય તેમ ધીમી ગતિએ કામ ચાલી રહ્યું હોવા છતાં ફક્ત રૂા. ૬૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે પ્રશાસન દ્વારા આવાં લેટલતીફ કોન્ટ્રાક્ટરો પર સખ્ત કાર્યવાહી કરવાની જગ્યાએ મનપા તેમના પર દયાળુ બની છે અને દંડ ફટકારવામાં નરમાઈ કરવામાં આવી છે.

મુંબઈમાં 'એન' વોર્ડ સહિત કુલ ૯ જગ્યાએ ધીમી ગતિએ ચાલી રહેલ કામ માટે કોન્ટ્રાક્ટરો પર દંડ ફટકારાયો છે.

તુરંત એકશન : ૯૦ ફૂટ રોડ પર ફૂટપાથ નજીક પડેલ રેતીને મનપાની ટીમે ફરિયાદ મળ્યાંની મિનીટોમાં કરી ક્લીયર

મહાનગરપાલિકાને ફરિયાદ કરો અને તેનું તુરંત નિરાકરણ આપે તો પણ નાગરિકોમાં સુખદ આશ્ચર્ય નિર્માણ થતું હોય છે. આવું જ કંઈ બન્યું ઘાટકોપર ઈસ્ટમાં ૯૦ ફૂટ પર આવેલ ફૂટપાથની બાજુમાં ઘણા દિવસોથી પડેલ રેતીનાં ઢગલાં અંગેની ફરિયાદ, મનપા 'એન' વોર્ડની ટીમને આ અંગે વોઈસ ઓફ ઘાટકોપરનાં પ્રતિનિધિએ ધ્યાન દોરતાં ફક્ત ગણતરીની જ મિનીટોમાં મનપાનાં અધિકારીઓ અંકુશ મહાપેકર અને જુનિયર ઓફિસર શિંગણએ જેસીબી અને ટ્રક મંગાવી રેતીના ઢગલાંઓ ઉપાડીને જગ્યા ક્લિન કરાવી હતી. ૯૦ ફૂટ રોડ પર આવેલે ધુત એમરાલ્ડ રિજન્સી અને ICICI વેલ્થ મેનેજમેન્ટ પ્લોટ નંબર ૧૭૦ પાસે આ રેતીનાં ઢગલાં ને લીધા વાહનચાલકો અને રસ્તે ચાલતાં લોકોને પણ તકલીફ પડી રહી હતી.

"લોકડાઉન"માં પણ ખોતલેનમાં બેરોકટોક ચાલુ છે ખાઉ ગલ્લી

મહારાષ્ટ્ર સરકાર દ્વારા પહેલાં વીકએન્ડમાં અને પછી ૧૫ દિવસનાં સખત નિયંત્રણોમાં સ્પષ્ટ શબ્દોમાં ફક્ત ફૂડ હોમ ડિલીવરી ચાલુ રાખવા અને હોટેલ્સ બંધ રાખવા અંગે આદેશ આપ્યો હોવા છતાં ઘાટકોપર વેસ્ટમાં આવેલ ખોતલેનમાં ખાઉગલીમાં ફૂડ સ્ટોલ્સ પર ઢોસા અને સેન્ડવીચ વેચવાનું ચાલુ હોય છે. અહીંના સ્થાનિક રહેવાસી અનિલાબેન શાહે જણાવ્યું કે ખોત ગલી-ખાઉ ગલી બની ગઈ છે. અહીં લોકડાઉનમાં પણ બેરોકટોક દુકાનો-ફૂડ સ્ટોલ્સ ચાલુ હોય છે. આ અંગે 'એન' વોર્ડ ઓફિસર પોલીસને વિવિધ માધ્યમો દ્વારા કરાયેલ ફરિયાદ પણ બહેરા કાને અછડાઈ છે અને કોઈપણ પગલાં લેવાયા નથી.

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**